બે નાટકો

લેખક

શારદાપ્રસાદ વર્મા

પહેલું નાટક વૈજ્ઞાનિકના કઠોર પ્રયોગો અને માતૃ-પ્રેમના કોમળ ભાવોની અરસપરસની અથડામણનું કરુણ રસભર્યું ચિત્ર રજુ કરે છે. . . . વસ્તુ આકર્ષક છે.

બીજું નાટક લોકપ્રિય થઇ પડેલી કાઠિયાવાડની પ્રેમશૌર્યની લોકકથાને આધારે લખાએલું છે. આખા નાટક-ને અનુરૂપ વાતાવરણ ઉભું કરવામાં લેખક સફળ થએલા છે.

બન્ને નાટકો એવાં છે કે વાંચવા માંડ્યા પછી પુરાં કર્યા વગર અટકવાનું મન થાય નહિ. આ જ રચનાઓની સાર્થકતા પુરવાર કરે છે.

—ઓ. પા. દવે

પ્રકાશક : યુગાન્તર કાર્યાલય : સુરત

બે નાટકો

કર્તા

શારદાપ્રસાદ વર્મા

: પ્રસ્તાવના લખનાર :

બટુભાઈ ઉમરવાડિયા

યુગાન્તર કાર્યાલય

ગોપીપરૂં

સુરત.

"જીંદગીની વેઠ"માં વિજ્ઞાન અને માનવતા, ઉભયના પ્રશ્નોનો સુયોગ સાધવાનો યત્ન અનુકરણીય છે....નાટક મને ગમ્યું.

'જંતરવાળો'માં જૂની વાતને નવો પોશાક સજાવ્યો છે. આ પદ્ધતિ પણ ઉપાડી લેવા જેવી ને વિકસાવવા જેવી છે.

બંને નાટકોનાં સંભાષણ સ્વાભાવિક અને પાત્રાલેખન આશાસ્પદ છે...

—વિજયરાય વૈદ્ય
તંત્રી: કૌમુદી

પહેલી વાર | પ્રત
ફેબ્રુ: ૧૯૩૦ | ૫૦૦

મૂલ્ય
૦—૭—૦

માતૃચરણે

સપ્રેમ ભેટ

....ને

....તરફથી

આ એકાંકી નાટકોને ગુજરાતી વાચકો સમક્ષ રજૂ કરતાં મ્હને આનંદ થાય છે. મ્હારાં મત્સ્યગંધા વિગેરે એકાંકી નાટકો પ્રકટ થયાં તે પછી ગુજરાતમાં એકાંકી નાટકોનો ફાલ સારા પ્રમાણમાં પ્રગટ્યો જાણ્યામાં છે. પરન્તુ જે જે કૃતિઓ મ્હારે હાથ ચઢી છે તે બધામાં વિચારનું છીછરાપણું મૂખ્યત્વે બ્હાર પડી આવતું હતું એટલુંજ નહિ પણ એમાં "અલ્યા અલિ"ની ઇધર તીધર વાતો શિવાય બહૂ નવીનતા દેખાતી ન્હોતી. આ કૃતિઓમાં એ એકકે દોષ નથી. 'અલ્યા અલિ' ઉપરાંત જીવનમાં બીજું કાંઈક વિચારવા જેવું અને નાટ્યકૃતિમાં મુર્તિમંત કરવા જેવું છે એમ આ લેખક માનતા હોય એમ જણાય છે. "જીંદગીની વેઠ"માં એક ઉપયોગી અને ગહન વિષય તરફ એમણે પ્રજાનું લક્ષ દોરવાનો આદરણીય પ્રયત્ન કર્યો છે. આ જાતની વાર્તાઓ, અને નાટકો વધુ પ્રમાણમાં પ્રગટ થાય એ ઈચ્છવાજોગ છે. મ્હને તો લાગે છે કે આજના ગુજરાતને કાલિદાસના શાકુન્તલના કરતાં 'જીંદગીની વેઠ' જે પ્રશ્ન ચર્ચે છે તેવા પ્રશ્નો ચર્ચતી કૃતિઓની વધારે અગત્ય છે. રસ, પ્રેમ, અને એવાં બધાં વિલાસી તત્ત્વો આપણા સાહિત્ય અને જીવનમાં ભરછક ભર્યાં છે, અને સમૃદ્ધ સંસ્કૃત સાહિત્યથી માંડી આજના શિખાઉ લેખકની કૃતિ સુધી બહૂધા એ એકજ તત્વનો ખીલાવ થયલો દેખાય છે. આજના પ્રજાજીવનમાં ઇતર તત્ત્વોના વિકાસની ખૂબ અગત્ય છે-નજદીકના ભવિષ્યનો મહાન કવિ કોઇ અપૂર્વ પ્રેમકથા લખતો હોય તે કરતાં કોઇ વિજ્ઞાની કોઇ બંડખોર દેશ કે સમાજસેવક અરે, કેં નહિ તો કોઈ ધાડપાડૂની કથા લખે એની વધારે અગત્ય છે. આ દૃષ્ટિએ "જીંદગીની વેઠ"ને હું સત્કારૂં છું, અને પ્રજા તેને સત્કારશે એવી આશા રાખું છું.

"જીંદગીની વેઠ"ની કલાદૃષ્ટિએ કસોટી કરવાનો હું અહિં પ્રયત્ન કરવા માંગતો નથી. ટુંક સમયમાં અસંખ્ય પત્રો એની સમાલોચના કરી નાંખશે. આપણે ત્યાં એક પુસ્તક પ્રકટ થાય એટલે દૈનિકો, સાપ્તાહિકો, પખવાડિકો, માસિકો, વગેરે વગેરેમાં એની અનેકવિધ સમાલોચના પ્રકટ થવા માંડે છે, એટલુંજ નહિ પણ દરેક પત્રે પ્રત્યેક પુસ્તકની નોંધ-સમાલોચના પ્રકટ કરવીજ જોઈએ એમ મનાય છે. એટલે એમ થાય છે કે નરસિંહરાવ કે ન્હાનાલાલનો કાવ્ય સંગ્રહ પ્રકટ થાય તો "ખગોળવિદ્યા," "આયુર્વેદ"ને "સંતતિ નિયમન"ના તંત્રીઓ પણ તેની સમાલોચના લખવા મંડી પડે છે! આમ છે અને ગમે તેટલા ઓછા સંસ્કાર અને શિક્ષણવાળો ઈસમ તંત્રીની ખુરશીએ ગોઠવાઈ જાય એટલે તે ગમે તેવા સમર્થ પંડિતની કૃતિ વિશે પણ ગમે તેવી ટીકા કરી શકે છે એ સંજોગોમાં આ કૃતિઓ વિશે અભિપ્રાય આપવા જવું એ નિરર્થક લાગે છે.

આ નાટકોમાં દોષો છે: ન્યૂનતા અને ઉણપો છે : જીવનના અનુભવની કૈંક ખામી છે: કળા કાચી છે અને કલ્પના, તથા પાત્રાલેખન અધુરાં લાગે છે : એવું બધું કહેવાય એવું છે. તે છતાં એની કેટલીક વિશિષ્ટતા છે; અને એને લીધે આ પુસ્તકને જીવવાનો અધિકાર છે એમ મને લાગે છે: અને એના લેખકની પાસે બીજી વધારે સુન્દર અને સંપૂર્ણ કલાકૃતિઓની અપેક્ષા રહે છે.

ગોપીપુરા, સુરત. ૨૭-૧-૧૯૩૦.

બટુભાઈ ઉમરવાડિયા

ૠણ સ્વીકાર

આ નાટકો લખવામાં લેખનકળાનો ઉપયોગ મ્હેં કંઇક કર્યો છે, એ વાત આ કહેવાતા સમાનવાદના જમાનામાં કંઇ પણ ખાનગી રાખ્યા વિના જણાવી લઉં.

પ્હેલા નાટકનું કિંચિત્ સામ્ય ભાઈ બટુભાઈના 'લગ્ન' સાથ સ્હેજે જણાઈ આવશે. 'લગ્ન' પ્હેલ વ્હેલું ચેતનમાં છપાયું ત્યારે વાંચેલું. ત્યાર પછી આઠ દશ વર્ષે આ લખ્યું. લખ્યું ત્યારે મ્હને થયું, મ્હારો પ્રોફેસર કેવી મૌલિક શોધ કરે છે ! પણ કોઇએ લગ્ન યાદ દેવડાવ્યું અને બીજા બે મિત્રે મ્હને અંગ્રેજી પરથી તો નથી લીધું એવો સવાલ કર્યો; બેએક અંગ્રેજી ચોપડીનાં નામ કહ્યા. એ તો આપણને ટેવ પડી ગઈ છે. એ અંગ્રેજી ચોપડીઓના તો નામ પણ તે દિવસેજ સાંભળ્યા અને પછી ભૂલી ગયો. પણ 'લગ્ન' ફરીથી જોઇ ગયો. અને વાંચકને લાગશે કે 'ભાસ્કર'ના અધુરા રહેલા પ્રયોગને પોતાની રીતે પૂર્ણ કરવા ધીમન્ત ફરીથી એ શોધ શોધે છે.

અને બીજું નાટક ભાઇ મેઘાણીની રસધારની કાઠિયાવાડી વાત પરથી છે.

આ બન્ને માટે એમનો આભાર માની લઉં. ભાઈ મેઘાણીએ એમની વાતો પરથી લખવા રજા આપી અને એ નાટક જોઇ જવા પણ લીધેલું.

કાઠિયાવાડી વાતમાં કાઠિયાવાડી પ્રયોગો કર્યા છે. પણ હું કાઠિયાવાડી નથી. કાઠિ-ગુજરાતી કે ગુજરાતી-કાઠિયાવાડી પણ નથી. અને છતાં વાતાવરણ જમાવવા માટે, અને તળ ગુજરાતીમાં કેટલાક પ્રયોગો થઈ રહ્યા છે ત્યારે ભાષાની સમૃદ્ધિમાં એનો કેટલો ફાળો આવી શકશે એ જોવા માટે આવા પ્રયોગો છેક ઉતારી પાડવા જેવા તો નથી.

અને આ રીતે જણાવ્યા પછી કોઈને પણ સ્હેજે સવાલ થશે કે તો પછી આનો ઉપયોગ શો ? આ છાપવાની શી સાર્થકતા ? એથી કઈ સેવા સરે છે ? વસ્તુ ઉપયોગી હોવી જોઇએ એ ખરૂં, છતાં આપણે જે કંઇ કરીએ છીએ ત્હેની ઉપયોગીતાનોજ ફક્ત વિચાર નથી કરતા. દેવમંદિરમાં ઝાકઝમાળ દીવા બળતા હોય તો એ ભક્ત એક ન્હાનો સો દીવો મૂકે છે ને. એનું કેટલું તેજ ? અગણિત તારા અને પુર્ણિમાનો મોતીની થાળ ભરેલી હોય એવો ચંદ્ર, રૂપેરી ચાદર બીછાવી માનુષી દીપકની મશ્કરી કરતો હોય તો યે કેટલાંય ભાવિકો નદીમાં દીવા તરતા મૂકે છે.

એમ આ ચોપડી તરતી મૂકું છું.

અને દીવો મૂકનાર કેટલાંનો રૂણી છે ? તેમ આ નાટકો લખવામાં–જોઇ જવામાં મને કેટલાય મિત્રોએ મદદ કીધી છે. એ માટે એ સૌનો હું આભારી છું. ખાસ કરીને પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને શ્રી. ચીમનલાલ પોપટનો.

એ ઉપરાંત શ્રી. ચોધરી અને અન્ય મિત્રોનોયે આભાર માની લઉં.

અને ચિત્ર માટે શ્રી. બચુભાઇ રાવત અને કનુ દેશાઈનો; પૂંઠાપરનો બ્લોક છાપવા માટે તુરત આપવા બદલ લેડી વિદ્યાગૌરીનો. એમના સૌજન્ય વિના પૂઠું આટલું આકર્ષક ન થાત.



ચિત્રકાર : કનુ દેસાઈ

વીણાગુરુ એ ખીણમાં જ બેસી પડે છે ને જંતર છેડે છે,
શ્રેણી એ તારના તાલે 'રામરામ' જપે છે ... ઝાકળભેરી
રાત્રિમાં બે આભાસ જેવાં દેખાય છે

કુમાર પ્રિન્ટરી : અમદાવાદ

જીંદગીની વેઠ

: પાત્રો :

પ્રો. ધીમન્ત — મુદ્રા

શરદ — બચુ

પ્રો. કાપડીઆ, સૌ. શારદા, ડાક્તર, નોકર, બાઈ.

પ્રવેશ ૧

[પ્રો. ધીમન્ત પોતાની પ્રયોગશાળામાં ટેબલ પાસે ઉભા ઉભા એક ટયુબની અંદરના રસાયણો ઝીણવટથી તપાસી રહ્યા છે. એ ટેબલ પર ન્હાની મ્હોટી, જુદી જુદી જાતની ટયુબો ને કંઈક યંત્રો અને રસાયણો પડયાં છે. પાસે બીજા ટેબલ પર કેટલીક નળીઓ ટયુબસ્ટેન્ડમાં ઉભી રાખી છે; સ્હામેના બારણામાંથી મુદ્રા રમતી ચાલે ટેબલ પાસે આવે છે ને ટેબલ પર પડેલી એક ખાલી ટયુબ ઉપાડે છે.]

મુદ્રાઃ–કેમ પ્રોફેસર સાહેબ! હવે તો ત્હમારો પ્રયોગ પૂરો થયોને!

ધીમન્તઃ–(ટયુબમાંનું રસાયણ તપાસતા) હા. અને મુદ્રા......(વિચારમાંથી જાગતા હોય એમ) જો! થોડા વખતમાં દુનિયાનું દળદર ફીટી જશે.

મુદ્રાઃ–શું દુનિયામાં બધાંજ સમૃદ્ધિશાળી થઈ જશે. એમ તો કેમ બને! (સ્મિત કરીને) તો પછી આપણો કર્મનો કાયદો–

ધીમન્તઃ–એમ તે વળી ત્હને કોણે કહ્યું? આપણાં તે કંઈ બેરાં છે...

મુદ્રાઃ–ત્યારે શું અમે બેપગાં જાનવરઃ એમને ! (એકાદ ટ્યુબને અડકે છે)

ધીમન્તઃ–મુદ્રા ! જો એને અડકતી ના.

મુદ્રાઃ–(જરા ખસી જઇ) લ્યો સાહેબ ! ત્હમારા ટેબલ પાસે ત્હમે બોલાવો ને આવવું તે પણ જાણે આ મૃત્યુમંદિર હોય એમ આને અડશો નહિ, ત્હેને છેડશો નહિ, આમ કરશો નહિ, તેમ......

ધીમન્તઃ--પણ તું સ્હમજે છે કે એકાદ ટ્યુબનો બૂચજ ઉઘડી જાય તો કેવું ભયંકર પરિણામ આવે !

મુદ્રાઃ–એ જાણવા તો હું આવી છું. ત્હમેજ કાલે કહેતા હતા કે ત્હમારો પ્રયોગ લગભગ પૂરો થવા આવ્યો છે એથી એની પૂરેપૂરી માહિતી મેળવવા તો હું આવી છું.

ધીમન્તઃ–જો ત્યારે. (હાથમાંની ટ્યુબ બતાવી) આ ટ્યુબમાં જે રસાયણો છે ત્હેની સાથ (બીજી ટ્યુબમાંનુ દેખાડી) આ ભળતાં એક જાતનો ગ્યાસ ઉત્પન્ન થાય છે અને એ વાયુને જેમ જેમ હવાના પરમાણુ લાગતા જાય છે તેમ તેમ એની ગતિ અને વિસ્તાર વધે છે.

મુદ્રાઃ–બાપરે ! એમ તો એ કેટલો વધે ?

ધીમન્તઃ–એ એટલો તો વધશે કે ઘડી ભરમાં આખી દુનિયા એનાથી વ્યાપી જશે.

મુદ્રાઃ–(તોફાની આંખો નચાવતી) અને આપણે એ વાયુમાં જીવવું પડશે, એમ ને ?

ધીમન્તઃ–હા, પણ તે ઘડીભરજ. ક્ષણે ક્ષણે એ આગળ વધતો જશે અને પછાડીનું વાતાવરણ શુદ્ધ થતું રહેશે.

મુદ્રાઃ–એ તો ધૂપથી પણ થાય. જુઓ ! આ આટલા બધા પૈસા, સમય અને રાત દહાડાના ઉજાગરાનું પરિણામ !

ધીમન્તઃ–જા ! એવી રીતે વચ્ચે પૂરાવું હોય તો......

(નોકર આવે છે)

નોકરઃ–મુદ્રા બેન ! **શરદભાઇ** આવ્યા છે.

ધીમન્તઃ–તો એમને અહીંઆજ મોકલને. (નોકર જાય છે) અત્યારે એ શું કામ આવ્યો હશે ?

મુદ્રાઃ–કેમ ! ત્હમેજ આ શોધ સ્હમજાવવા એને બોલાવ્યો હતો ને.

(શરદ આવે છે)

શરદ–કેમ મુદ્રા બ્હેન આજ ત્હમે પણ કંઈ અહીં છો ? માનવમારણ યત્ર શોધવામાં સહાય કરવા આવ્યા છો કે શું ?

મુદ્રાઃ–સહાય તો હું શું કરવાની હતી ? પણ ત્હમારા પ્રોફેસર સાહેબની આ નવી શોધ......

શરદઃ–ઓહો સાહેબ ! ત્યારે તો ત્હમે મ્હારા આવ્યા પ્હેલાં જ ભાભી સાહેબને લેકચર આપી દીધું, એમ ને ?

મુદ્રાઃ–ના હજી તો સ્હમજાવવાની શરૂઆત કરતા હતા.

ધીમન્તઃ–અને આ ગેસ દુનિયામાં જેટલાં માદલાં માણસો છે. જેટલાં મરવાની આળસે જીવી રહ્યાં છે તેટલાં ને ઘડીકમાં ઠેકાણે પાડી દેશે.

મુદ્રાઃ–પણ આ બધા જંતુઓનું એમાં શું કામ ?

ધીમન્તઃ–જો આવતે રવિવારે પ્હેલો પ્રયોગ હું આ બધાં પર કરી જોઈશ. આ રૂમની લંબાઈ જેટલું, એક જુદાં જુદાં ખાનાવાળું ગ્લાસકેસ–કાચની પેટી તૈયાર કરાવી છે; એમાં આ જીવડાંઓને રોગવાર–શક્તિવાર વિભાગ પાડીને એ જુદાં જુદાં ખાનામાં રાખ્યા પછી (ટેબલ પરથી એક હેરલાઇક ટ્યુબ–અલકલટ સમી નાની નળી લઈને) આ સવા ઇંચની નળીમાં આ ગેસ લઈ એમાં છોડીશ.

મુદ્રાઃ–તે આટલાં બધાં જીવડાંને–આવા મરી જતાં જીવડાંને ત્હમે શું પાછા જીવતાં કરશો–સશક્ત બનાવશો ?

શરદઃ–હા ! બ્હેન એવાં કે ફરીથી એ હાલી ચાલી પણ નહિ શકે ?

મુદ્રાઃ–એટલે ?

ધીમન્તઃ–એટલે જે નકામા જીવે છે ત્હેને જીવાડીને શું કામ ! તે બિચારાં એ રીતે જીંદગીની વેઠમાંથી છુટશે–અને વધારે જરૂરનું તો એ કે આપણને છોડશે.

મુદ્રાઃ–(સરોષ) તે બધાં ત્હમને શું નડતાં હતાં કે આમથી તેમથી ભેગાં કરાવ્યાં?

ધીમન્તઃ–મુદ્રા! એમ નથી. એ તો એના ઉપર પ્રયોગ કરી જોવાનો છે.

મુદ્રાઃ–અને...ઓ ભગવાન...આટલું બધું પાપ ત્હમે શા સારૂં વ્હોરો છો? (જરા ગુસ્સાથી)ને **શરદ** ભાઈ. ત્હમે પણ કેવા છો કે આ હજારો જીવો ભેગા કરી લાવ્યા? એ બધું પાપ કોને?

શરદઃ–એ તો હજ્જારો નહીં, લાખ્ખો જીવો છે, અને આવતા અઠવાડિયા સુધીમાં તો......

ધીમન્તઃ–તો એ બધાંને જીવાડીને ત્હારે કરવું છે પણ શું! જીવો જીવને માટે સરજાયા છેને? એ બધાં મરશે એ ખરૂં પણ એથી માનવ જાતિને કેટલો લાભ થશે?

મુદ્રાઃ–(ચ્હીડાઇને) શું ધૂળ? જે ગેસ જીવડાં મારશે તે માણસોને શું જીવનશકિત આપવાનો હતો?

ધીમન્તઃ–એમ કોણ કહે છે?

શરદઃ–મુદ્રા બ્હેન! એ તો જેમ જેમ એનો વેગ વધશે તેમ તેમ એનો વિસ્તાર વધવાનો અને એ વિસ્તારમાં જેટલાં માંદલાં–શકિતહીન હશે તેટલાં બધાંને...

મુદ્રાઃ–(સભય) શું એટલાં બધાને મારી નાંખશે?

ધીમન્તઃ–હા. એથી એક સશકત પ્રજા ઉત્પન્ન થશે; અને એવા માંદલાઓનું કામ પણ શું?

મુદ્રાઃ–એમ હશે તો ભગવાન એ લોકોનો નાશ કરશે. પણ ત્હમે શા સારૂં એ બધું પાપ વ્હોરો છો?

ધીમન્તઃ–એમાં પાપ શાનું? પ્રત્યેક ક્ષણે કેટલી સૃષ્ટિ સર્જાય છે ને વિલય પામે છે તો પછી એવી રેઢીયાળ પ્રજાનો જલ્દી અંત આણવામાં નિમિત્ત થવું એ તો પુણ્યનું કામ ને?

શરદઃ–પણ ત્હમે કહો છો કે પ્રત્યેક પળે એનો વેગ, વિસ્તાર સાથ ઉગ્ર થતો જશે તો એની ઉગ્રતા ઉત્પાત નહિ કરે?

ધીમન્તઃ–એ માટે મ્હેં આ બીજો ગેસ તૈયાર કર્યો છે, એ છોડયા પછી દર સેકન્ડે (પાટીઆ પર ગોઠવેલી નળીઓ બતાવી) પેલી એક એક ટ્યુબમાંથી નવો ને નવો ગેસ નીકળતો જશે, એનો વેગ પણ એટલોજ છે...

મુદ્રાઃ–એટલે રહ્યાંસહ્યાંને......

ધીમન્તઃ–અને આ ગેસ (પ્હેલો બતાવીને) બધાંનો નાશ નહિ કરે. જે'ની જીવનશક્તિ (Vitality) એટલી ખુટી ગઈ છે કે જે'ને માંદા રહેવા સિવાય બીજું કંઈ સૂઝતુંજ નથી, જે બિચારાઓને જીંદગીની વેઠ કર્યાજ કરવી પડે છે તેવાઓ સિવાયના બીજાં બહુ થાય તો કદાચ જરાવાર બેચેન થશે પણ પછાડીથી પ્રત્યેક પળે મળતો આ ગેસ એમને પાછાં સ્ફુર્તિમાં આણશે.

શરદઃ–એટલે જેટલાં જીવી શકે એવાં છે, જે જીવીને કંઈક કાર્ય કરી શકે એમ છે એટલાં જીવશે બાકીનાં......

મુદ્રાઃ–એમ તો કેટલાય માણસો અમુક વખત સુધી એવાં રહે છે અને પછી પાછાં સારાં થઈ જાય છે એનું શું ?

શરદઃ–પણ એ બન્ને સાથે છોડવામાં આવે તો ?

ધીમન્તઃ–તો આ બધી મહેનત નકામી જાય. જો એ બે ગેસ સ્હામસ્હામા મળે તો એક મ્હોટો ભડકો થાય અને......

શરદઃ } –(સાથે)– અને આ ગેસ છોડનારને બાળે.
મુદ્રાઃ } –(સાથે)– અને આ બધો સંહાર નહિ થાય, ખરૂંને.

ધીમન્તઃ–હા, એમ થાય તો એવી ગફલત કરનારથી એ એનું ખપ્પર પૂરે; અને કદાચ આગ પણ લાગે.

મુદ્રાઃ–(ભમ્મરો સંકોચાય છે; કંઈક વિચાર કરતી, ઉગ્ર નિર્ણય કરી નાંખતી હોય એમ કપાલ પરની રેખાઓ સ્પષ્ટ થાય છે.) એમ હોય તો પ્રોફેસર સાહેબ લાવો એ ટ્યુબો;– મ્હને આપો. એ લઈ કોઈ નિર્જન સ્થળે જઈશ, ત્યાં એ બન્ને સાથે છોડીશ. એથી તમારૂં ઘર બચશે. તહમને પાપ પણ નહિ લાગે, અને (રોતે સ્વરે) તહમે સુખેથી બીજીવાર પરણજો; મ્હારા આશીર્વાદ છે. (ટેબલ તરફ ટ્યુબ લેવા ધસે છે.)

શરદઃ–(ટેબલ અને મુદ્રાની વચ્ચે આવીને) આ શું કરો છો ? વિજ્ઞાન એ તો ભૂત છે; જે એને સાધતાં ગફલત કરે એને એ ખાઇજ જાય.

મુદ્રાઃ–(જરા થંભીને) ભલે ! એથી શું ? હું બળી જઇશ પણ મ્હારા મૃત્યુથી કેટલાં બચશે ? (આજ્ઞા કરતી હોય તેમ–પાસે જતી) ખસો ! એમને આ પાપમાંથી બચાવા ઘો.

ધીમન્તઃ–આ તે કેવી ઘેલછા ! આપણાં બૈરાંઓ કયારે સહમજતાં થશે !

(પડદો પડે છે.)

પ્રવેશ ૨

સમય:–બપોરના ચારેકનો.

સ્થળ:–પ્રો. ધીમન્તનું દિવાનખાનું.

[દિવાનખાનામાં એક ખૂણામાં લંબચોરસ ટેબલ ગોઠવેલું છે. ત્હેની ઉપર એક આખી લાઈન રેફરન્સ બુકસથી ભરી છે. ટેબલની ડાબી અને જમણી બાજુ ઉપર પણ એ પ્રમાણે આડા પુસ્તકો મૂકેલાં છે, અને વચ્ચે લેખન સામગ્રી,–કાગળો, ખડીઓ કલમ વગેરે છે. ટેબલ પાસે પુસ્તકોથી ભરેલું બુકકેસ ગોઠવેલું છે. એની પાસે બેત્રણ ખુરશીઓ પડી છે. સ્હામેના ખૂણામાં દિવાલ પાસે પુસ્તકોના બેચાર કબાટો અને ઓરડાની વચ્ચે ગોળ ટેબલ છે. એના ઉપર ફુલ ગોઠવેલાં છે, ને કેટલાંક ચોપાનિયાં પડ્યાં છે. પાસે એક આરામખુરશી અને બીજી બેચાર ખુરશીઓ દેખાય છે. એ વિરામાસન પર મુદ્રા કંઇક વાંચતી બેઠી છે. શરદ આવે છે.]

શરદ:–પ્રોફેસર સાહેબ હજી આવ્યા નથી ?

મુદ્રા:–ના બેસોને; એમનો વખત થયો છે એટલે આવતા જ હશે.

(શરદ ટેબલ પાસે જાય છે. એ પર પડેલાં ચોપાનિયાં ને ચોપડીઓ ખોળે છે, નજર ફેરવે છે ને એક ચોપાનિયું લઈ ખુરશી પર બેસે છે.)

શરદ:–(ચોપાનિયાનાં પાનાં ફેરવતાં ફેરવતો) પ્રોફેસર સાહેબે આ વખત મુંબઈમાં આપેલાં વ્યાખ્યાન વિષે કંઈ સાંભળ્યું કે?

મુદ્રા:–કેમ? કંઇ વ્યાખ્યાનમાં અસાધારણ બન્યું હતું?

શરદ:–ના અને હા.

મુદ્રા:–(સોત્સુક) એટલે? શું વ્યાખ્યાનમાં કંઇ તોફાન થયું હતું? એવું તો કોઈ વખત એમના વ્યાખ્યાનમાં થયું નથી. ઉલટા પ્રોફેસર સાહેબ કહેતા હતા કે એમના વખાણ થયાં.

શરદ:–એવી કુશંકા ક્યાં કરો છો? આવા વ્યાખ્યાનોમાં એવાં તોફાનો અસંભવિત છે પણ......

મુદ્રા:–ત્યારે તમે શું કહેતા હતા?

શરદ:–કે આ વ્યાખ્યાનનાં જેટલાં વખાણ થયા એટલાં ભાગ્યે કોઈનાં થયાં હશે. જુઓને, આ સામયિક એની નોંધ લેતાં લખે છે.

મુદ્રા:–એ શું લખે છે?

શરદ:–એ લખે છે કે "આટલા બધા અભ્યાસ પછી લખાયેલું વ્યાખ્યાન છેલ્લાં દશ વર્ષમાં આ હોલમાં સાંભળ્યું નથી. પ્રો. ધીમન્તની આ "રીસર્ચ" કદાચ એમને દુનિયાના અગ્ર ગણ્ય સાયન્ટીસ્ટોમાં સ્થાન અપાવશે."

મુદ્રા:–એટલે શું તમને બધાંને મનુષ્યની જીંદગીની કીંમત જ નથી? એમને?

શરદ:–મ્હને લાગે છે કે જેટલી એ લોકોને જીવનની દરકાર છે એટલી બીજાને નહીં હોય.

મુદ્રા:–એથીજ આ બધો સંહાર યોજાઈ રહ્યા છે ને વખાણાય છે.

(**ધીમન્ત** આવે છે. એના હાથમાં પુસ્તકો છે. મુદ્રા ખુરશી પરથી ઉઠે છે ને એના હાથમાંથી પુસ્તકો લઈ ટેબલપર મુકે છે. ધીમન્ત કોટ કાઢીને મુદ્રાને આપે છે; મુદ્રા ખીંટીએ ટાંગે છે અને અંદર જાય છે. ધીમન્ત ખુરશી પર બેસી બુટની દોરી છોડતાં)

ધીમન્ત:–કેમ શું ચાલે છે!

શરદ:–ત્હમારા વ્યાખ્યાન પર યુનિવર્સિટી જર્નલે લખેલી નોંધ વાંચી સંભળાવતો હતો.

ધીમન્ત:–ને એણે શું કહ્યું ?

મુદ્રા:–(પ્રવેશીને) કે ત્હમારા લોકોને મન, માણસની જીંદગી રમકડાં બરાબર છે.

ધીમન્ત:–એમ શા પરથી કહો છો ?

મુદ્રા:–ત્યાર વિના માણસોને મારી નાંખવાનો વિચાર કરી શકો ?

ધીમન્ત:–મુદ્રા ! તું કેમ આવો ઉંધો અર્થ કરે છે ? જે માણસો મરવાની આળસે જીવે છે તે...

મુદ્રા:–એટલે ?

ધીમન્ત:–જે લોકોને જીંદગીની વેઠ અનિચ્છાએ કરવી પડે છે તેને જીવાડીને શું કામ ?

શરદ:–માંદા પડવું એ પાપનું પરિણામ નથી ? નબળાઇ એ રોગ નહિ પણ ગુન્હો ગણાવો જોઇએ. અને એવા ગુન્હેગારોને...

મુદ્રા:–એ ત્હમારી ભૂલ છે. ગુન્હેગારોને દંડ દેવાની રીતજ ખોટી છે.

શરદ:–કેમ ?

(ધીમન્ત બુટ કાઢે છે ને સ્ટોકીંગ, પાટલુન સાથે જ વાતમાં ગુંથાય છે.)

મુદ્રા:–શરદભાઇ ! કાયદાના અભ્યાસમાં ત્હમે માનસશાસ્ત્ર કોરણે મૂક્યું કે શું ? અરે ! ગુન્હેગારને સજા કરતાં પહેલાં ત્હેનું માનસ કદી કોઇએ તપાસ્યું છે ? જો એમ કરવામાં આવે તો ઘણુંખરૂં ગુન્હાનું કારણ નીચવૃત્તિ નહિ પણ કંઈ બીજુંજ જણા આવે–અને એ બિચારાઓ માંદા પડયાં તેમાં એ લોકોનો શું ગુન્હો ?

ધીમન્ત:–તે જે હોય તે. અત્યારે આપણે માનસશાસ્ત્ર કે સમાજશાસ્ત્રનો અભ્યાસ કરવા નથી બેઠાં. અને એ રીતે ઉકેલ કરવા જઇએ તો કદી આ દુનિયામાંથી 'અશક્તિ' દૂર થાયજ નહીં.

મુદ્રા:–એ તો ત્હમે એ વાતને એમ કરી ઠેલી કાઢો છો.

ધીમન્તઃ–અને મુદ્રા! હું કયાં બધાંનો સંહાર સૂચવું છું. જે સશક્ત છે, જે દેશને કંઇપણ ઉપયોગી છે તે સિવાયનાનો નકામો બાર હલકો...

મુદ્રાઃ–અને એમ કરવાનો ત્હમને શો અધિકાર?

ધીમન્તઃ–જો! માયકાંગલા માણસો શાપ રૂપ નથી?

મુદ્રાઃ–ત્હેની કોણ ના કહે છે!

ધીમન્તઃ–તો પછી?

મુદ્રાઃ–તો બધાં સશક્ત થાય એવું કંઇક શોધોને.

શરદઃ–બધાં એમ સશક્ત થાય...પ્રો. સાહેબ! એ અશકય નથી લાગતું?

મુદ્રાઃ–પ્રોફેસર સાહેબ! વિચારોને આપણોજ બચુ.

ધીમન્તઃ–ત્હેનું શું છે?

મુદ્રાઃ–ત્હમારો પ્રયોગ થશે ત્યારે ત્હેનું શું થશે?

ધીમન્તઃ–બધાનું થશે તે એનું!

મુદ્રાઃ–એટલે? આજ એ કેટલો વખત થયાં માંદો છે. જુઓને એના મોઢા પરથી લોહી ઉડતું જાય છે પેલા ઝીણાં રોગે એને કોલેજ છોડાવી કામકાજ છોડાવ્યું અને આ ત્રણ ત્રણ વર્ષથી...

ધીમન્તઃ–(જરા ખીજવાઇને) પણ એને કંઇ નહીં થાય. એનું વજન હજી ઘટતું નથી.

મુદ્રાઃ–અને એમ છતાં કદાચને...

શરદઃ–મુદ્રાબેન! એવી શંકા શું કામ કરો છો? પ્રોફેસર સાહેબે એ વિચાર્યુંજ હશે.

ધીમન્તઃ–(ગંભીરતાથી) હા! મ્હને ખાત્રી છે કે બચુને કંઇ નહીં થાય, અને એમ છતાં એની જીવનશક્તિ ખરેખર એટલી ઘટી હશે જો કે ડા. મહેતા ના કહેતા હતા–તો પછી એવી જીંદગીથી શું ફાયદો!

મુદ્રાઃ–ત્હમે કેવા નિર્દય છો?

ધીમન્તઃ–એમાં નિર્દય શાનો? આખા દેશને આ ગેસથી કેટલો ફાયદો થશે એ ત્હેં કદી વિચાર્યું છે?

મુદ્રાઃ–(જરા ચ્હીડાઇને) શું ધૂળ ફાયદો થશે?

ધીમન્તઃ–એથી ફક્ત સશક્ત સ્ત્રી પુરુષો જ રહેશે અને એ સશક્ત માણસોને પેટે આવી માયકાંગલી પ્રજા ઉત્પન્ન નહીં થાય.

શરદઃ–અને પછી રામરાજ્યની જેમ પિતા પ્હેલાં પુત્ર કદી નહીં મરણ પામે અને બાળમરણ તો કોશમાંનો જ શબ્દ થઇ રહે.

ધીમન્તઃ–ને એવી પ્રજા હોય ત્યારે જ Superman–"પુરુષોત્તમ" જન્મે ને "સ્ત્રીશક્તિ" અને "નરસિંહ"ના દર્શન થાય.

મુદ્રાઃ–એ તો પ્રજાનું આત્મમંથન થઈ આત્મજ્યોતિ જાગે ત્યારે.

ધીમન્તઃ–ત્હને ખબર છે ને કે સ્પાર્ટનો બાળકો જન્મે તે'વાજ ત્હેને પહાડ પરથી ગબડાવી દેતાં.

મુદ્રાઃ–એટલે ત્હમારી દુનિયા આટલી સદીઓના ભુમખરાણ પછી એટલી જ વધી છે કે રોમ ને સ્પાર્ટાની રીતો અખત્યાર કરવા તૈયાર થયા છો? છોકરૂં એને મારી નાંખે એ કોણ, માનવી કે રાક્ષસ? મારી નાંખવા હોય તો જન્મ શું કામ આપે?

શરદઃ–પણ એ વાત જ અહીં ક્યાં છે?

મુદ્રાઃ–મ્હને એ બધી પંચાત નથી. સ્પાર્ટાના લોકો કેવાં હતાં એની મ્હને દરકાર નથી; અત્યારના લોકોની ચિંતા–હા! ત્હેની પણ બચુની માંદગીમાં મ્હને ફુરસદ નથી.

ધીમન્તઃ–તો શું આટલી અમસ્થી બાબતમાં ત્હેં બીજા વિચાર કરવા પણ છોડી દીધાં?

મુદ્રાઃ–ત્યારે શું કરે? ત્હમને તો કંઇ જ લાગતું નથી. મ્હને ડૉ. મ્હેતાનો અભિપ્રાય ખબર છે. આમાંથી એને કદાચ ક્ષય થાય એમ એ ત્હમને ખાનગીમાં કહી ગયો હતો.

ધીમન્તઃ–પણ હજી સુધી કંઈ થયું નથી તે પ્હેલાં મારો પ્રયોગ...

મુદ્રાઃ–તેથી શું? હજી એ ક્યાં તદ્દન સાજો થઇ ગયો છે? હવે એની તબિયત સુધરતી જાય છે તો થોડો વખત......

ધીમન્તઃ–પણ ત્હને ખબર છે આજ છ મહીના થવા આવ્યા...

મુદ્રાઃ–પ્રયોગ કરતાં વર્ષો વીત્યા ત્યારે ઉતાવળ નહીં આવી અને હવે માત્ર થોડા માસ...

ધીમન્તઃ–પણ કેમીકલ્સ તૈયાર થવાને છ મહીના થઇ જાય તો મ્હારી મહેનત પર પાણી ફરેને.

મુદ્રાઃ તો ભલે એ નકામું જાય. ત્હમારો પ્રયોગ નિષ્ફળ જશે પણ મ્હારો બચુ...

ધીમન્તઃ–એવું કંઇ જ નથી, તું નકામી બીએ છે, અને માન કે એમ હોય તો શું? **આખી** માનવજાતિ માટે એક પુત્રનો ભોગ...

મુદ્રાઃ–(છંછેડાઇને) ત્હમને કશી લાગણી જ નથી કે શું? મ્હેં એને જન્મ આપ્યો, પાળી પોષીને મ્હોટો કર્યો તે આ માટે? તમ લોકોને પુત્રની કીંમત નથી કારણ પ્રસવવેદના સ્હેવી નથી પડતી.

ધીમન્તઃ–પણ આ તો આખી માનવ પ્રગતિનો સવાલ છે.

મુદ્રાઃ–એમ હોય અને–કદાચ ત્હમે કહો છો એથી બચુનું બલિદાન આપું તો યે શું? ત્હમે એમ માનો છો કે પછીની પ્રજા એવી સશક્ત જ રહેશે? એ પ્રજા પાપ નહીં કરે એની શી ખાતરી?

ધીમન્તઃ–પણ એ રહેલા લોકો જાણશે કે એટલી જીવનશક્તિ ઘટી જાય તો એમનું મૃત્યુ જ થાય.

મુદ્રાઃ–એટલે એમને માથે એ બ્હીક ઝઝુમેલી રહે. પ્રોફેસર સાહેબ કેમ ભૂલો છો કે ચિંતાથી તો અનેકગણી જીવનશક્તિ ઘટે છેઃ અને આપણા લોકોને તે કયાં થોડી ચિંતા છે કે વળી એટલી ઉમેરો છો.

ધીમન્તઃ–એવી રીતે ખોટી દલીલો ન કર, જો આપણા જ પુરાણમાંની પેલી વાત.

મુદ્રા–એટલું પુણ્ય મળવાનું હોત,–દેશને એટલો લાભ થવાનો હોત, તો મ્હારા એકના એક પુત્રનું પદ્માવતીના જેટલા જ ઉત્સાહથી બલિદાન આપત પણ...(સ્હામેના બારણાંમાંથી નોકર ચ્હાની ટ્રે સાથ પ્રવેશે છે. એને આવતો જોઈ મુદ્રા વાક્ય અધુરૂં મૂકે છે. નોકર ટ્રે ટીપાઈ પર મેલે છે, મુદ્રા ચ્હા આપવા ઉઠે છે. બ્હારથી કોઇના આવવાના પગલાં સંભળાય છે)

મુદ્રાઃ–(સ્વસ્થ થતાં) કોણ છે એ ?

નોકરઃ–(બારણામાંથી બ્હાર જોઇને) પ્રોફેસર **કાપડીઆ** ને **શારદા**બેન.

મુદ્રાઃ–(નોકરને) જા ! બીજી ચ્હા લઈ આવ. (**ધીમન્ત**ને, આછું સ્મિત કરતા) અને આ ત્હમારા પ્રયોગ વખતે આ બિચારા **કાપડીઆ** સાહેબનું શું થશે ? જાણે લાકડી પર ડોકું ગોઠવ્યું હોય એવા સુકલકડી દેખાતા પ્રો. **કાપડીઆ** અને **શારદા** આવે છે, **મુદ્રા** અને **ધીમન્ત** આવકાર આપવા ઉઠે છે.

(પડદો પડે છે)

પ્રવેશ ૩

સમય:–અઘુકડી ફુટતી સ્હાંજ.

સ્થળ:–પ્રો. ધીમન્તના ઘરનો એક ઓરડો.

[એક ખૂણામાં ઢોલીઓ ઢાળેલો છે ત્હેના પર **બચુ** સુતો સુતો વાંચે છે; ઢોલીઆની પાસે કાટખૂણે ભીંત સાથે એક ટેબલ છે, એનાપર એક રકાબીમાં મોસંબીની છોલેલી ચીરો ગોઠવેલી છે, દવાની એક બે શીશી અને દવા પીવા માટે ખાલી રકાબી દેખાય છે; એક બે ચોપડીઓ પણ પડી છે. પલંગડી પાસે એક બે ખુરશી છે. એને બીજે છેડે એક ટીપાઇ છે ત્હેનાપર ફુલદાનીમાં થોડાંક ફુલ છે; આછો ધુપ બળે છે.

સ્હામેની ભીંતપર એક મ્હોટો તકતો છે આગળપાછળની ભીંતે બેચાર છબીઓ ટાંગેલી છે.]

બચુ:–અને (ચોપડીમાં આંગળી રાખી) આ જાણે કંઈ સ્હમજ નથી પડતું. આટલા દિવસ મ્હને ગંભીર વાચનનો શોખ હતો; આતું તો એ પછીના હળવા ખોરાકની જેમ વાંચતો અને અત્યારે આ......સાદી વસ્તુ પણ

સમજાતી નથી. એની કડીઓ ભૂલી જાઉં છું; કદાચ સાંધું છું તો ઘડી પછી મ્હારા સ્મરણમાં રહેતું નથી...

(ચોપડી અધ ખુલ્લી રાખી ફેંકે છે, બારીએ જાય છે, પાછો આવી પલંગડી પર બેસે છે.)

આ માંદગી! આવી માંદગી શા સારૂં? આ તે જીવન! આ તો જીંદગીની વેઠ!...

(જરા ગુસ્સામાં આવતો હોય એમ)

...મ્હને હતું કે હું કંઈક કરીશ......(વધુ હતાશ થઈને)...પણ હા!... (વિચારમાં પડે છે: વિચારમાંથી જાગતો હોય એ રીતે) અને એ મ્હારી ભૂલ નહોતી? "હું કંઈક કરીશ" એ મ્હારૂં મિથ્યાભિમાન નહીં તો શું? મ્હને હવે સમજાય છે કે માનવી માત્ર પામર છે, એ કશું કરી શકવા સમર્થ નથી, એ એક લક્ષ્ય નિર્મે છે, એને સાધવા યથાશક્તિ પ્રયત્ન કરે છે છતાં એ સફળ નથી થતો એનું શું કારણ?

(એ કારણ ખોળતો હોય એમ ગૂઢ વિચારમાં પડી જાય છે; થોડી વાર રહીને)

મ્હને લાગે છે કે એક એજ યંત્રી છે અને માનવ માત્ર યંત્ર છે. એની અગમ યોજના અનુસાર વિશ્વ કંઈ ઘડ્યું જાય છે, આપણે બધાં એની ઇચ્છા પ્રમાણે ચાલતાં એ મશીનના આરા છીએ. પણ......(જરા થંભીને) શું એ શક્તિ એટલી બધી જુલમગાર છે કે માનવી ઇચ્છાને એની અંદર સ્થાન જ નથી!.........વિચાર કરતા તો મ્હારૂં માથું દુઃખે છે.

(માથું બે હાથે દાબે છે; ખાટલા પર પડે છે; આંખ મીંચાઇ જાય છે. સામેથી મુક્તા આવે છે, પલંગ પાસે આવી બચુના માથા પર હાથ મૂકે છે)

મુક્તા:—બાપુ! કેમ છે! (હાથ તપાસે છે) આજે હજી તાવ ચઢ્યો નથી. (જરા આનંદમાં આવી જઇ) હવે ત્હને ઠીક થતું લાગે છે.

બચુ:—બા આખો દિવસ શું ખબર પૂછવી અને કહેવી? હવે તો મ્હને કંઈક થાય છે એમ કહેતા પણ શરમ આવે છે અને થાય છે ત્યારે પડી રહેવા સિવાય કશું સુઝતું નથી.

મુદ્રા:—પણ હવે તો ઠીક થતું જાય છે ને.

અચ્યુ:—હા. બા! હવે તો થાય છે કે આમાંથી છૂટું તો સારૂં. આ જીંદગીની વેઠ......

(વાક્ય પૂરૂં કરી શકતો નથી, મુદ્રાની પાંપણો ભીંજાય છે. મોઢું ફેરવી નાંખે છે.)

મુદ્રા:—જો! તું પણ એવું જ બોલે છે. (આંખો લુછે છે; સ્વસ્થ થાય છે.) કદાચ એ ત્હારે ભોગવવાનું રહ્યું હશે.

અચ્યુ:—એ બધો વિચાર મ્હને આવે છે. કેટલીકવાર આ માંદગીનું સરવાયું પે કાઢવા પ્રયત્ન કરૂં છું પણ...

મુદ્રા:—ઓહો! ત્યારે તેં સરવાયું પણ કાઢી લીધું: (વિનોદ કરતી) ચાલ, જોઉં કેટલો નફો કર્યો?

અચ્યુ:-(નિ:શ્વાસ નાંખીને) નફો?

મુદ્રા:-નફો નહીં તો શું? આપણે તો નફાનો જ વેપાર કરવો છે અને કહે ચાલ જોઉં, એમાંથી મ્હને શું કરાવી આપવાનો?

અચ્યુ:-(ફીકું હસીને) હા બા, ખૂબ નફો કર્યો છે પણ એમાંથી ત્હને કંઇ જ નહીં આપું.

મુદ્રા:-(ગાલે હળવો તમાચો મારીને) જો લુચ્ચો! હવે તો ખરેખરો કલિકાલ આવ્યો.

(સામેના તકતા પછવાડી માળામાં ચકલીઓ કકલાણ કરે છે)

જો! આ ચકલીઓ પણ ત્હારી પાસે ભાગ લેવા આવતી લાગે છે.

(અચ્યુ ચકલીના માળા તરફ જોઇ રહે છે. મુદ્રાની નજર પણ ત્યાં ઠરે છે; એવામાં એક ઘરડી સરખી ચકલી માળા પરથી પડી જાય છે; એ ઉડી જવાને બદલે બેભાન થઇ હોય એમ પડી રહે છે. અચ્યુ ધીમે પગલે એ ચકલી તરફ જાય છે; ટેબલ પરથી ખાલી રકાબી લેઇ રૂમાલ વતી હળવેશથી ચકલી ઉઠાવી મૂકે છે ને થોડું પાણી રેડે છે; ચકલી જરા મોઢું ફેરવે છે ને ધીમું ધીમું બોલે છે. અચ્યુ રકાબીમાં થોડું બીજું પાણી રેડતો)

બા ! ટેબલ પરથી પેલી મોસંબીની ચીર લેતો.

(મુદ્રા મોસંબીની રકાબી આપે છે. અચ્યુ એક બે ચીર લઈ છોલે છે ને રકાબીની કોરણ પર મૂકે છે)

મુદ્રા:–ઓહો ! તું તો હવે પ્રાણીરક્ષક થઈ ગયો. જીવદયા કાર્યાલયના મંત્રી તરીકે આવતી સભામાં ત્હારૂં નામ...

અચ્યુ:–તો પછી એ માનમાં પણ તું ભાગ પડાવવા આવશે ને ? એથી એ પદ હું નહીં સ્વીકારૂં.

(ચકલી મોસંબીની ચીર પર ચાંચ મારે છે એ જોઈ અચ્યુ રાજી થાય છે)

અચ્યુ:–જો બા ! હવે ચકલી ખાવા પણ માંડી.

મુદ્રા:–સાચેજ: આ ચકલી ભાગ્યશાળી છે. ત્હારા નફાનો પ્હેલો ભાગ...

અચ્યુ: તું શું કહે છે ? મ્હને તો કંઈ સ્હમજાતું પણ નથી.

મુદ્રા:–સ્હમજાતું નથી ? જો ત્યારે–ચકલાઓ તો ઘણી વાર લડે છે પણ ત્હને કોઈ દિવસ આમ દયાથી એને નિહાળ્યા હોય એમ યાદ નથી. ત્હારા કામમાંથી–પછી ભલે તું નકામી, રદ્દીણ નવલકથા વાંચતો હોય તો યે બિચારી ચકલીઓના દુઃખ સ્હામું ત્હેં જોયું નથી. પણ આજે માંદગીની ભઠ્ઠીમાં તવાઈને તું પેલી દુઃખી ચકલીની દાઝ જોતાં શીખ્યો. ત્હેં આજ તો–ત્હારીજ જાણે બ્હેન હોય એમ એની સારવાર પણ કરી.

અચ્યુ:–બા ! તેમાં મ્હેં ખોટું શું કર્યું ? તું આમ ટીકા કરે એમ બીજાને મોઢે તો માનું પણ નહીં.

મુદ્રા:–પણ હું ક્યાં ટીકા કરૂં છું ? મ્હને થાય છે કે તું કેટલી સહાનુભૂતિ કેળવી શક્યો છે.

અચ્યુ:–હા, બા ! હવે મ્હને તુરત લાગણી થઈ આવે છે. હું માંદો પડ્યો તે પ્હેલાં માંદગીમાં માનતો યે નહતો. કોઈને માંદુ સાંભળતો ત્યારે ત્હેના તરફ મ્હને એક જાતનો તિરસ્કાર આવતો. હું તે લોકોને કહેતો કે કેવા અણઘડ છો કે સરખી રીતે રહેતા પણ આવડતું નથી તે આમ માંદા પડ્યા કરો છો.

મુદ્રા:–અને હવે ?

અચ્યુ:–અને હવે મ્હને દયા આવે છે. મ્હને થાય છે કે એ લોકોએ કદાચ આરોગ્યના નિયમોનો કંઇક ભંગ કર્યો હોય પણ આમ રીબાયા કરે છે તે કંઇ બધા એવા બેવકુફ તો નહીંજ હોય.

મુદ્રા:–જો ! આ ત્હારા સરવાયામાં નફાની પ્હેલી રકમ.

અચ્યુ:–હમણાં હું એજ વિચાર કરતો હતો. મ્હને થતું હતું કે પ્રભુની અનંત લીલામાં હું કંઇજ નથી. એની રચનામાં તાણખલું સરખું યે આઘું ન થઇ શકે.

(મુદ્રા અચ્યુ સ્હામું જુવે છે. કંઇક દુર્મિલ વસ્તુ અચ્યુને લાધી હોય અને મુદ્રા એ જોઇ ગઈ હોય એમ એના મોઢા પરના ભાવ બદલાય છે.)

પણ બા ! મ્હને થાય છે કે આપણી ઇચ્છા–આપણી શુભ ભાવના-એને પણ એમાં સ્થાન નહીં હોય !

મુદ્રા:–એ બધાં વિચાર હમણાં શા સારૂ કરે છે ? ત્હને લાગે છે તે પ્રભુમાં તું શ્રદ્ધા કેમ રાખતો નથી ?

અચ્યુ:–મ્હારાથી એવી આંધળી શ્રદ્ધા રાખી શકાતી નથી.

મુદ્રા:–વળી શ્રદ્ધા તે કદી આંધળી અને દેખતી હોતી હશે ? તમે લોકો તે કેવાક સવાલો કરો છો ? ને આમજ અશ્રદ્ધાળુ થતાં જાવ છો. એથી કદાચ, એ અનુભવ ખાતરજ આ બધું ભોગવવું પડતું હશે.

અચ્યુ:–પણ તે બીજાથી ન થાય ? શું બધાં આમ જીંદગી સાથ ખેંચતાણ કરીને અનુભવ મેળવે છે ! .

મુદ્રા:–ના, એમ નથી. પણ બધાંને એકજ માત્રા કેમ અપાય ? જેવો જે'ને રોગ તેવું ત્હેને પથ્ય.

અચ્યુ:–પણ હવે તો થાય છે કે આ વેઠ કર્યા કરવાં કરતાં...

મુદ્રા:–કેવો છે ? સ્ત્રીઓ કરતાં પણ તું તો ગયો. સ્ત્રીઓ જીંદગીના ભોગે પુત્રને...

અચ્યુ:–પણ એ સરખામણીજ અહીં ક્યાં છે ?

મુદ્રાઃ–ત્યારે આ સહાનુભૂતિ, આ નિરાભિમાનીતા, આ શ્રદ્ધા–એ શું થોડાં છે ? આમાંથી એક શ્રદ્ધા કાજે યે જીંદગી વેઠવી દેવી પડે તો યે ઓછી છે. તો પછી આટલું—અને (વિનોદ કરતી) બીજું ત્હારા ચોપડાં-માંથી શું નીકળશે એની શી ખબર ?

અચ્યુઃ–હા ! ત્હેં કહ્યું તેવું દૈન્ય અને સમાજમાંથી સરી જતું મ્હારૂં સ્થાન !

(**અચ્યુ**નું મોઢું લેવાય છે. મુદ્રા એ જોઈ શકતી નથી એથી મોઢાં પર લુગડું ઢાંકી, બારીએ જાય છે.)

(પડદો પડે છે)

પ્રવેશ ૪

સ્થળ: પ્રવેશ ત્રીજામાંનો ઓરડો

સમય: સ્હાંજનો: આથમતાં સૂર્યનો નમતો તડકો બારીએથી આવે છે.

(**સુદ્રા** પથારીમાં પડી છે. પગ પાસે બેઠી બેઠી એક બાઇ પંખો નાખે છે. પલંગ પાસેની ખુરસી પર **શ્રીમન્ત** માથું હાથ પર ટેકવીને બેઠા છે.)

સુદ્રા:–બાઇ! (હાથથી બતાવી) જો! આ બાજુ પવન નાંખ. અહીં બહુ બળે છે.

(**સુદ્રાના** મોંઢા પર દુઃખની સ્પષ્ટ રેખાઓ દેખાય છે; છાતી પર હાથ રાખી ઘડીભર રહીને)

નાથ!......

(**શ્રીમન્ત સુદ્રા** સ્હામું જુએ છે)

મ્હને ક્ષમા કરશો?

શ્રીમન્ત:–ત્હને ક્ષમા! હું ત્હારી પાસે કેટલુંક શીખ્યો હોઇશ.

સુદ્રા:–એમ કહી મ્હને પાપમાં ન નાંખો મ્હને ક્ષમા કરો એટલે હું સુખેથી જાઉં

ધીમન્તઃ–(ખોખરે ઘાંટે) એવું ન બોલ (સ્વસ્થ થઈને પટાવતો હોય એ રીતે) ચાલ તો જોઉં તું જલદી જલદી સારી થઈ જા. પછી

મુદ્રાઃ–પણ હું સારી થવાની જ નથી. (છાતીએ વળી પાછો હાથ દે છે; જરાવાર રહીને) જુઓને, આ બધું જાણે તૂટે છે...મ્હારા મર્મભાગ છૂટીવછૂટી જતા લાગે છે. મ્હારી આંખે......

(બોલતા થાકી જાય છે)

ધીમન્તઃ–ડોકટરને બોલાવું ? બાઈ ! જુઓને, કોઈ હોય બ્હેને ટેલીફોન કરવાનું કહો.

(બાઈ જાય છે)

મુદ્રાઃ–હમણાં દાકતરનું કંઈ કામ નથી. (સ્હામી છત પર બેચાર ક્ષણ જોઈ) મ્હને ક્ષમા નહીં કરો ? એમ.

ધીમન્તઃ–હું શું ક્ષમા કરવાનો હતો ? એ માટે હું યોગ્ય છું ? આજ કેટલા વખત થયા ત્હારી પાસે કંઈક નવું શીખી રહ્યો છું.

મુદ્રાઃ–(નિસ્તેજ નયનો નચાવતી) એટલે હું ત્હમારી ગુરૂ...... (થાકી જાય છે)

ધીમન્તઃ–ચાલ લે, ત્હને ક્ષમા કરૂં અને તું કહે તેમ; પછી કાંઈ !

મુદ્રાઃ–(ફીકું સ્મિત કરીને) ત્યારે તો મ્હારી ગુરૂદક્ષિણા પણ થઈ.

ધીમન્તઃ–(સ્મિત ઝીલતો) હા બન્ને.

મુદ્રાઃ–પણ ત્હમે સાચ્ચે જ ક્ષમા કરશો ? ત્હમે એ જાણશો ત્યારે ના નહીં કહો ?

ધીમન્તઃ–ના જે હશે તે હું ત્હને ક્ષમા કરીશ.

મુદ્રાઃ–ત્યારે જુઓ...(જેના પર દરેક ક્ષણનું ભાવી અવલંબી રહ્યું છે એવું કંઈક યાદ કરવા પ્રયત્ન કરે છે)

ધીમન્તઃ–પણ મુદ્રા હવે રહેવા દે. મ્હારે એ જાણવું નથી.

મુદ્રાઃ–એટલે ત્હમે માફ નહીં કરો ?

ધીમન્તઃ–ના માફ તો કરૂં છું પણ વધુ શ્રમ શા સારૂં લે છે.

મુદ્રાઃ–કંઈ નહીં.

ધીમન્તઃ–સારી થયા પછી બધું કહેજે ને. જો ડાક્તરે વધુ બોલવાની ના કહી છે.

મુદ્રાઃ–હા એ ખરું પણ આપણી વચ્ચે હિસાબ પતાવી લેવો જોઇએ.

ધીમન્તઃ–એવું ના કહે.

મુદ્રાઃ–વસ્તુસ્થિતિ પ્રત્યે આંખ મીંચ્યે શું થઈ શકે ? એ વિના મ્હારું દુઃખ નહીં સમે.

ધીમન્તઃ–તો કહે ચાલ, (લાડતો) જોઉં.

મુદ્રાઃ–આપણી પ્રયોગશાળામાં આગ લાગી એનું કંઈ કારણ જડયું ?

ધીમન્તઃ–ના હજી કશો પત્તો લાગ્યો નથી. પ્રિન્સિપાલ પણ સુપ્રિન્ટેન્ડન્ટને મળ્યા હતા; ને મ્હારાથી સુપ્રિન્ટેન્ડન્ટે બોલાવ્યો એટલે એક બે વાર મળ્યા સિવાય કશું થયું નથી...(જરા થોભીને) પણ તું બચાવવા નહીં ગઈ હોત તો.

મુદ્રાઃ–પણ હું આગ ઓલવવા ક્યાં ગઈ હતી.

ધીમન્તઃ–ત્યારે ?

મુદ્રાઃ–હું એ જ કહું છું અને એ માટે જ માફી માંગું છું.

ધીમન્તઃ–ત્યારે બળતામાં શું કરવા ગઈ હતી ?

મુદ્રાઃ–પણ મ્હને માફ કરશો ?

ધીમન્તઃ–જરૂર.

મુદ્રાઃ–ત્યારે જુઓ. મ્હેં જ આગ લગાડી હતી.

ધીમન્તઃ–(વિજળી પડી હોય એમ આશ્ચર્ય થઈને ત્વરાથી, જરા સખ્ત સ્વરે) કેવી રીતે ? કેમ ?

મુદ્રાઃ–(નિઃસીમ દુઃખની લાગણીઓ અનુભવતી ધીરે ધીરે) તહમને યાદ છે ? આગ લાગી તેહને બીજે દિવસે તહમે પેલો પ્રયોગ કરવાના હતા. એ પ્રયોગ એટલે મ્હારો મૃત્યુ; એ પ્રયોગ એટલે સારા નરસા સહુની છેલ્લી ક્ષણ, અને એ સહુ કરતાં ય મ્હોટું, તહમે જગત હિંસક થાવ. એ બધું ય ન થાય એથી પ્રયોગશાળામાં પેલા રસાયણો લેવા...

(થાકી જાય છે. આ દરમ્યાન બાઈ આવી પલંગ પાસે ઉભી રહે છે. ક્ષણેક રહીને)

બાઈ ! પેલું કબાટ ઉઘાડ તો. અને...

ધીમન્તઃ–(અધીરાઈથી) પણ હમણાં કબાટનું શું કામ છે ? ત્હારે શું જોઈએ છે ?

(બાઈ કબાટ ઉઘાડે છે)

મુદ્રાઃ–ખાનામાં પેલું લાલ કવર છે તે લાવ.

(**ધીમન્ત** આશ્ચર્યમૂઢ જોઈ રહે છે)

મુદ્રાઃ–એ બે ટ્યુબ લઈને મ્હારો નિર્જન સ્થળે જવા વિચાર હતો.

(બાઈ કાગળ લાવી મુદ્રાને આપે છે)

લ્યો જુઓ !

(મુદ્રાના નિર્બળ હાથમાંથી **ધી**મન્ત કાગળ લે છે. પરબીડિયું ઉઘાડતાં)

ધીમન્તઃ–એ ટ્યુબ સાથ ત્યાં જઈ શું કરવા ધાર્યું હતું ?

મુદ્રાઃ–એ બન્ને સાથે જ છોડી એમાં બળી મરત.

ધીમન્તઃ–પણ જગત શું કહેત ?

મુદ્રાઃ–લોક કહેતે કે કંઈ અકસ્માત થયો.

ધીમન્તઃ–અને એથી શો ફાયદો થાત ?

મુદ્રાઃ–ત્હમે જ કહ્યું હતું તેમ એથી એની સર્વભક્ષી અસર નહીં થાત. આ આખી ય આલમને બદલે...

(ક્ષણેક વિશ્રામ લઈ)

અને એ સિવાય ત્હમને કઈ રીતે અટકાવવા ?

ધીમન્તઃ–(જરા ચીરાઈ ગયેલા અવાજે) તે દલીલથી નહોતું થઈ શકતું ?

મુદ્રાઃ–દલીલ ? હા, દલીલ તો પૂરતી કરી હતી. ત્હમારી લાગણીઓ પણ છેડી હતી, પણ ત્હમે કશું જ માનતા નહોતા.

ધીમન્તઃ–પણ ત્હને ખબર છે કે ત્હેં ત્હારી દલીલથી કેટલા વિચાર જગવ્યા હતા ? તે દિવસથી ત્હારી દલીલ અવનવે સ્વરૂપે મ્હારી સમક્ષ આવતી હતી અને એમાંથી મ્હારે કયો માર્ગ લેવો–એ મારની માયા રચાઈ હોય તેમ સુઝતું નહોતું.

મુદ્રા:-એટલે આ સરલ માર્ગ મ્હેં લીધો.

શ્રીમન્ત:-એ રીતે કદાચ આ પ્રયોગ નિષ્ફળ કરી શકત પણ એથી શું? એ રસાયણો કંઇ ફરીથી તૈયાર નહીં કરી શકાય?

મુદ્રા:-હા. પણ આવા સર્વભક્ષી નહીં.

શ્રીમન્ત:-કારણ?

મુદ્રા:-કારણ એની પાછળ બલિદાન હતું અને એક મૌન બલિદાન હજારો દલીલો કરતાં વધારે......

(શ્રમ ચઢે છે)

શ્રીમન્ત:-(કાગળમાં નજર કરતો) હા, બધું ઠીક પણ તું દાઝી કેવી રીતે?

મુદ્રા:-આ ઘર જાણે છેલવેલ્લી છોડી જતી હોઉં એ રીતે મ્હેં બધી તૈયારી કરી.

શ્રીમન્ત:-અને આ બધું છોડતાં ત્હને કંઇ જ નહીં લાગ્યું?

મુદ્રા:-(આંખોના ખુણામાં પાણી ભરાય છે) નાથ...

(**શ્રી**મન્ત આ સવાલથી ભોંઠો પડે છે)

ગાંડાની પેઠેમ આમ ક્યાં સુધી બધુ તપાસ્યા કર્યું. આપણી બન્નેની સાથની છબી કેટલીવાર લીધી ને પાછી મૂકી.

(આગળ બોલી શકતી નથી. મોઢે શોષ પડ્યો હોય એમ ઉંચાટું રાખે છે)

શ્રીમન્ત:-પાણી આપું? બાઇ પેલું પ્યાલું લ્યોને.

(બાઇ **શ્રી**મન્તને પ્યાલું આપે છે ને **શ્રી**મન્ત પાણી પાય છે)

મુદ્રા:-પછી એ છબી લઇ હું પ્રયોગશાળામાં ગઇ.

શ્રીમન્ત:-પણ એ ટ્યુબો હું કોલેજની પ્રયોગશાળામાં લઇ ગયો હતો ને.

મુદ્રા:-હા. મ્હને માત્ર પેલી જીવડાં માટે તૈયાર કરેલી "હેર લાઇક ટ્યુબ" જડી. એથી એ શોધવાને હું ટેબલ પર ચઢી. તે પરથી મ્હારો પગ લપસ્યો ને હું પડી. પડતાની સાથે બેભાન થઇ પણ થોડી વારે જાગ્રત થતાં મ્હારી પાસે બળતું જોયું.

શ્રીમન્ત:-તે આગ કેવી રીતે લાગી.

મુદ્રા:—હું પડી ત્યારે મ્હારા હાથમાં પેલી ટયુબો અને સળગતો લેમ્પ હતો. કદાચ એના સ્પિરિટથી...

ધીમન્ત:—પણ પછીથી તો ત્હારે પ્રયોગશાળા છોડી જવી હતી ને.

મુદ્રા:—સળગ્યા પછી ત્યાંથી ખસાય કઇ રીતે? મ્હેં બૂમ પાડી ને ભડકો હોલવવા મંડી; (જરા થોભી) હોલવવા જતાં મ્હારા હાથ પગ બળ્યા ને હું દાઝી.

ધીમન્ત:—એટલી યે દરકાર લેવી હતી, મોતમાં કુદી પડી તે.

મુદ્રા:—પણ ત્હમારી અમુલ્ય પ્રયોગશાળા બચી ને.

ધીમન્ત:—આપણી સ્ત્રીઓ અજબ છે: એ જીવે છે ને મરે છે બીજાં માટે.

(**અચ્યુ** બ્હારથી આવે છે. **મુદ્રા** પાસે આવીને.)

અચ્યુ:—આ! કેમ છે? હમણાં ડાક્તર આવતા હશે. (**ધીમન્તને**) અને હું સુપ્રિન્ટેન્ડન્ટને ત્યાં જઇ આવ્યો. (**મુદ્રાને**) આ! આપણી પ્રયોગશાળાને નુકશાન કરનારનો પત્તો લાગ્યો.

ધીમન્ત:—કોનો?

અચ્યુ:—આપણી કોલેજના પેલા તોફાની વિહારી ને દેશાઈ પર શક લાગે છે. એની વિરૂદ્ધ બેચાર પૂરાવા યે છે એથી એ લોકોને ઓફિસમાં બેસાડ્યા છે ને ત્હમને બોલાવ્યા છે.

ધીમન્ત:—તો હમણાં જ ટેલીફોનથી કહી દે કે એ લોકોને છોડી દે અને હાલ તપાસ મુલતવી રાખે. **મુદ્રાને** જરા ઠીક થયે હું મળીશ.

(**અચ્યુ** ઉત્સુક નયને ક્ષણ ભર જોઇ રહે છે, કંઇક બોલવા જાય છે પણ **મુદ્રાના** મોઢા પરના ભાવો જોઇ, જરા ઉભો રહી ઉતાવળે ટેલીફોન કરવા જાય છે.)

મુદ્રા:—નાથ...અને અચ્યુને...

(અટકે છે, ફાટી આંખે **ધીમન્ત** સ્હામું જુએ છે)

ધીમન્ત:—એ વિષે કંઇ જ ફીકર ન કરતી. અચ્યુને (અવાજ લથડે છે) જરા પણ ઓછું આવવા નહી દઉં.

મુદ્રા:–અને...એ તો મ્હને ખાત્રી છે...પણ જીવનતત્ત્વની શોધ...

ધીમન્ત:–એ માટે હું પ્રયાશ કરીશ.

(મુદ્રાની નિસ્તેજ આંખોમાં સંતોષ દેખાય છે, **ધી**મન્તનો હાથ લે છે અને એક ફીકું ચુંબન કરે છે.)

મુદ્રા:–પણ ખરે...જ એવા મરવાની આળસે...જીવતાં જીવે...

(વધુ બોલી શકતી નથી, બેભાન થતી લાગે છે; **ધી**મન્ત માથાના વાળ ખેંચે છે.)

ધીમન્ત:–(ગભરાયલે ધાંટે) **બચુ** ! **બચુ** !

(**બચુ** એક બારણામાંથી દોડતો આવે છે ને બીજાં બારણામાંથી **શરદ** અને દાકતર આવે છે. **મુદ્રા** જરા આંખ ફેરવે છે ને કંઇક બોલવા પ્રયત્ન કરે છે.)

મુદ્રા:–ના...થ...ઓ !......પ્ર...ભુ...

(પડદો પડે છે)

જંતરવાળો

: પાત્રો :

વેદો ગઢવી

શેણી

વીજાણંદ

આણલ

પનિહારીઓ, ડમણીવાળો, ચારણો.

પ્રવેશ ૧

[ગોરવીઆળી ગામનો પાદર કુવો. બે ત્રણ પનિહારીઓ પાણી ભરીને જતી દેખાય છે; એક બે સ્ત્રીઓ કુવા કાંઠે ઘડાં માંજીને સાફ કરે છે. બીજી બે પનિહારીઓ પાણી સીંચે છે. ચારે ય અરસપરસ વાતે ચઢી છે.]

પ્હેલી સ્ત્રી—મ્હેં સાંભળ્યું છે કે વીજાણંદ નામનો કાક છોકરો અજબ રીતે જંતર વગાડે છે.

બીજી સ્ત્રી—હા...હા કહે છે કે ગિરના જંગલમાં રખડતા રખડતા એને દેવના વરદાન લાધ્યાં.

ત્રીજી સ્ત્રી—એમજ હશે. નહીં તો એ એકલો અનાથ આથડતો છોકરો ક્યાંથી બીન લાવે અને નાગ નાચે એવું સંગીત બજાવે.

ચોથી સ્ત્રી—ના એવું કંઇ યે નથી. એ બીચારો સંગાથ વિનાનો રોજ રખડતો હતો; એક દિ એને તુંબડનાં ઝાડ પરથી બે મ્હોટાં તુંબડાં ઉતારી લીધાં ને બીન બનાવ્યું.

ત્રીજી સ્ત્રી—એમ કે! ત્યારે એને શીખવ્યું કોને?

બીજી સ્ત્રી—કહે છે કે નારદજી રોજ એને શીખવવા આવતા હતા.

ચોથી સ્ત્રી—એ તે કંઇ મનાય? નારદજી અને સરસ્વતીની વાતો જ છે. એમ હોય તો આપણને ન મળે?

બીજી સ્ત્રી—આપણને તે ક્યાંથી મળે? આપણામાં એ શ્રદ્ધા છે ખરી?

ત્રીજી સ્ત્રી—અને ત્હમે જો એ વાત ખોટી માનતા હો તો કહોને એ શીખ્યો કઇ રીતે?

ચોથી સ્ત્રી—એમાં તે શું? માણસ મંડે તો આભના તારા યે ઉતારે. એ તો એને આખો દિ કંઇ કામકાજ નહીં; એને નહીં સગાં વ્હાલાં, નહીં ખેતર પાદર, ખોરડું સરખુંય નહીં. પેલી પાંચ ભેંસો લઇ એ ફર્યા કરે છે; એને એ બોલાવે છે પણ જંતરના તારે. બસ આખો દન એ ભેંસો સાથ રખડે છે ને બીન બજાવ્યાં કરે છે.

(વખતનું ભાન થયું હોય એમ કુવામાંથી પાણી કાઢવા મંડી જાય છે.)

ત્રીજી સ્ત્રી—પણ શિખવનાર કોઈ જોઇએ ને!

(ચોથી સ્ત્રી પાણી કાઢીને બહેડું માથે મૂકે છે.)

ચોથી સ્ત્રી—ચાલ, વેજી આવે છે? મ્હને તો બહુ વખત થઇ ગયો.

ત્રીજી સ્ત્રી—પણ હવે ઉભી રહેને; હજી તો હમણાં આવી, શું ઘડી ય એ ત્હારા વિના નહીં રહે? (બધી ય સ્ત્રીઓ હસે છે, ચોથી સ્ત્રી જરા મોઢું ફેરવી લઇ સ્મિત છૂપાવી.)

ચોથી સ્ત્રી—પણ બા, હજી મ્હારે દળણું કરવાનું છે, અને મ્હારા બાઇજી...

(બહેડું માથે મૂકી ચાલવા માંડે છે)

બીજી સ્ત્રી—કહે છે કે એને તો કંઇ સુખ માલું નથી.

ત્રીજી સ્ત્રી—પણ ખબર છે એની સાસુ.

(પ્હેલી સ્ત્રી આ દરમ્યાન પાણી સીંચી લઇ માથે એક ઉપર એક એમ બે ઘડાં ચ્હડાવી ચાલવા માંડે છે.)

બીજી સ્ત્રી—કેમ, આટલી તે શી ઉતાવળ?

પ્હેલી સ્ત્રી—(જતાં જતાં જરા ઉભીને) તે બાઈ આ કંઇ અમારા મૈયર નથી. મ્હારે પણ નણંદ છે: ભૂલી જા છ? ત્હમે પણ શવજી પર વાર લાગે તો કેવા મે' વર્ષાવો.

(જાય છે.)

બીજી સ્ત્રી—(સ્હામેથી બે પનિહારીઓને આવતી જોઈ) વેજી સ્હામેથી કોણ આવતું દેખાય છે?

ત્રીજી સ્ત્રી—(જરા ધારીને, દૂર કોઇ આવતું હોય એ દિશામાં જુએ છે) ઓહો! એ તો શેણી આઇ!

બીજી સ્ત્રી—મ્હે એમને ઘણાં દિ થયાં જોયા યે નથી.

ત્રીજી સ્ત્રી—કહે છે કે શેણી જોગમાયાનો અવતાર છે. વેદા ગઢવીને એને કહી દીધું છે કે એ તો કુંવારકા જ રહેવાના.

બીજી સ્ત્રી—એમ તે કંઇ હાલે. આપણો બૈરાંનો અવતાર! વેલીની જેમ એને.........

ત્રીજી સ્ત્રી—હં હં...રખેને એમ બોલતા. એના પુણ્યે તો આપણું ગામ તપે છે. કહે છે કે વીજાણંદને બીન શીખવવા નારદમુનિને એણેજ મોકલ્યા'તા.

(બન્ને પનિહારીઓ પાણી ભરે છે; માથે બેડાં મૂકે છે. બીજી સ્ત્રી જરા થંભે છે ને શેણી આવતી હોય એ દિશામાં જોઇ રહે છે.)

ત્રીજી સ્ત્રી—કેમ! આવે છે ને!

બીજી સ્ત્રી—જરા શેણી આઇને જતાં પહેલાં નિરખી લઇએ.

ત્રીજી સ્ત્રી—તો ભલેને, તું ઉભ.

(જવા માંડે છે.)

બીજી સ્ત્રી—ના, ના, હું યે આવું છું શેણીની સાથ આપણાંથી તે શી વાત થવાની હતી.

(ચાલવા માંડે છે)

ત્રીજી સ્ત્રી—(જતાં જતાં) કેવી જાજરમાન છોડી !

(જાય છે.)

(સ્હામેથી શેણી અને એક બીજી પનિહારી બેડાં સાથે આવે છે, કુવાની પાળપર ચ્હડે છે ને ઘડાં ખૂડાવે છે.)

આણલ—કહે છે કે વીજાણંદના બીને વા વાતો બંધ થઇ જાય છે, ઓઝત વ્હેતી થંભે છે, ભેંસ્યું વાગોળતી રહી જાય છે ને મનખની આંખ્યોમાંથી નીર ટપકે છે.

શેણી—હશે. માનવી એ બધું કરી શકે પણ આ રખડતો વીજાણંદ ! જે'ના મોઢા પરથી માખ યે ઉડતી નથી; આખો દિ ફક્ત પાંચ ભેંસો લઇ રખડયા કરે અને ગમે ત્યાં રાત ગાળે, એ વીજાણંદ ! જે'ને જોઇને કાગડો પણ સંતાઈ જાય એવું જે'નું રૂપ, એ તે શું સુંદર વગાડતો હશે.

આણલ—એમ તો બા, કોયલ યે જોવી ક્યાં ગમે છે પણ એના ટહૂકા પર ત્હમે ગાંડા થઇ જાવ છો.

શેણી—પણ એનું મુખડું કેવું છે. ધોળે દિએ જાણે બ્હીક લાગે. ને એવાં મીઠાં ગીતો આવાં શરીરમાં વસે ખરાં ?

આણલ—તે એ બેને શો સંબંધ ? ને બા ! આતમ કળા ખીલે તો..

શેણી—એ ખરૂં. પણ આ ટીંબા, ખોરડા વિનાનો **વીજાણંદ** ક્લા પછાડી તે શી સાધના માંડતો હશે ? એ કાંઇ રમતની વાત છે.

આણલ—સાંભળ્યું છે કે એને તો દેવના વરદાન છે, ને આખો દન એ બીન લઇને સરસ્વતીની તપસ્યા માંડે છે.

શેણી—ત્યારે એની ભેંસો ?

આણલ—કહે છે કે એની ભેંસો ઓઝતને કાંઠે, કાંઠે ચર્યાં કરે છે ને ભેંસો ને તે શી સાચવવી પડવાની હતી ? ઓઝતના કળણમાં પડી રહેતી હશે.

(શેણી પાણી સીંચીને ઘડો કાઢે છે એટલામાં સ્હામેથી ફાટેલે તુટેલે લુગડે એક છોકરો આવે છે. એનું શરીર સાધારણ કાઠીનું, બેદરકારીને લીધે કદરૂપું દેખાય છે. પણ નિશ્ચય બળ એની આંખોમાં તરવરતું લાગે છે.

એને ખભે તુંબડાં અને વાંસથી બનાવેલું તળપદું વાજીંત્ર લટકે છે. એના ઉપર લગાવેલ મોરપીંછનો ગુચ્છો, જાણે શેષે છાયા કરી હોય એવો દેખાય છે. એ પીછાં જેટલી મોહકતા વધારે છે એટલી બીન બજાવનારની કદરૂપતા તાદૃશ કરે છે.

શેણી દોરડાનું ગુંછળું વાળી જવાની તૈયારી કરતી હોય છે ત્યાં એ છોકરો–વિજાણંદ પનિહારીઓ પાસે આવે છે.)

વીજાણંદ—બેનો ! જરા પાણી પાશો ?

શેણી—(કુવા તરફ ફરીને) બેન ! એને પાણી પાજે. એનું રૂપ ભાળીને મ્હને તો કંઇનું કંઈ થઇ જાય છે.

(મથરાવટી સરખી ફરી, હલક દેતી બેડું માથે મૂકી ચાલતી થાય છે. છોકરો દયામણે મોઢે એ તરફ જોઇ રહે છે; ચાલી જતી શેણીના બેડા પર કાગડો બેસે છે)

આણલ—(સાદ દઇને) શેણી આઈ! એ કાળમખે કાગડે ત્હમારો ઘડો બોટયો.

વીજાણંદ—અરે, બેન ! માણસ કરતાં કાગડો કેટલો રૂપાળો! ખોબે પાણી પાતાં એનો જીવ ન હાલ્યો ને આ કાગડો બેડો બોતે છે.

(આણલ પાણી સીંચે છે)

વીજાણંદ—ત્હમે પાણી પાશો ?

(આણલ વીજાણંદને પાણી પાય છે. વીજાણંદ ખોબે ખોબે પાણી પીએ છે, મોઢું લૂછે છે. એના મોઢાંપરની કરચલીઓ સંકોચાય છે; કંઇક નિર્ણય પર આવતો હોય એમ લાગે છે.)

વીજાણંદ—બેન ! એ કુમારકા કોણ હતી ?

આણલ—કાં ઓળખતા નથી ? એ તો વેદા ગઢવીની દીકરી.

વીજાણંદ—એ ગઢવીજીનું ઘર કયાં ?

આણલ—અહીંથી જતાં ગામની વચ્ચે મ્હોટા ફળિયામાં; બરાબર વચ્ચે એક મ્હોટું ખોરડું છે, જ્યાં ત્રણસે ત્રણસે મદમાતી ભેંસો હીંળોલા લ્યે છે, જ્યાં આંગણામાં નિત ઢાળેલાં ઢોલીઆ પર, દૂધ જેવી સફેદ ધડકી બીછાવી દીધી છે, જ્યાં ચોવીસે ઘડી ડાયરો જામેલો રહે છે ને કસુંબા પાણી લેવાય છે.

વીજાણંદ—ઠી...ક.

(વીજાણંદ જાય છે.)

આણલ—આ કોક અજબ છોકરો છે. ગામમાં બેચાર વાર ભાળ્યો છે છતાં એ કોણ છે· એની કોઇને ખબર :નથી અને એ વેદાને યે ઓળખતો નથી. એ 'ક્યાં જતો હશે (વીજાણંદ ગયો તે દિશામાં જુએ છે) વેદાના ઘેર તરફ જાય તો ?

"શેણી આઇ' જગદંબાનો અવતાર છેઃ રૂપે ને ગુણે. પણ વળી પાછી એનાથી બ્હીશે તો......

(ઘડીક થ'ભે છે. ઘડો હલક સાથ માથે લઈ જાઇ છે.)

(પડદો પડે છે.)

પ્રવેશ ૨

સ્થળ: [વેદા ગઢવીનું ઘર; ઘરના મ્હોટા વાડાની પછાડી ટેકરી જેવી જરા ઉંચી ભૂમિ દેખાય છે. બીજી બાજુ થોડે દૂર એક બે માટીનાં ઘર નજરે પડે છે અને પછાડી થોડે છેટે બેત્રણ ઝુંપડાં અને ટેકરી જેવું દેખાય છે.

પુનેમની અધરાત વીતી જવા આવી છે ઓસરીમાં ચાંદનીને અજવાળે ખાટલા ઢાળીને તે પર ચારેક માણસનો ડાયરો ઝામ્યો છે. બાજુના એક ઢોલીઆ પર **વી**જાણંદ બીન બજાવી રહ્યો છે. **શેણી** ઓટલાની બાજુએ બારણામાં બેઠી છે: ઘરમાં ઝીણો દિવેલનો દીવો બળે છે. ડાયરામાં કસુંબા પાણી ઉડી રહ્યાં છે.]

વેદા—(હાથમાં કસુંબાનો પ્યાલો ઝાલી રહી ને) અહા ! ગગા ! ત્હેં તો ખૂબ કરી આ જન્નમ ગયો પણ આવો ડાયરો જામ્યો નથી.

બીજો પુરૂષ—સાચ્ચે જ ! જુઓને આ એનું ગીત સાંભળવાને પવન પણ પાંદડામાં લપાઇને બેઠો છે.

ત્રીજો પુરૂષ—ને પેલો ચંદ્ર, રાત્રિ અને રોહિણીને છોડી અહીં જ થંભી ગઓ.

ચોથો પુરૂષ—એનું જંતર કાને પડતાં જાણે શરીરમાં લોહી પણ ફરતું અટકી જાય છે.

વેદો—ગગા ત્હેં તો આખરની બજાવી. સંગીતની મદમસ્ત સાંઢણી પર ચઢાવી ક્યાંય લઇ ગયો અને રણની અધવચ ભૂલભૂલામણીમાં નાંખ્યા. **વીજા**! મ્હારા ઘરમાં આટલી આટલી ગાય ભેંસો છે, એમાંથી માંગી લ્યે, ત્હારે જે જોઇએ તે માંગી લ્યે.

બીજો પુરૂષ—(**વીજાણંદને**) વેદા ગઢવીને ત્યાંથી કોઈ ખાલી હાથ ગયું નથી. આજ ત્હારો વારો છે.

વીજાણંદ—મામા ! આપના પુન પરતાપે મ્હને કશાની જરૂર નથી. સાચવી શકું એટલી પાંચ ભેંસો યે ભગવાને દીધી છે. પછે વધુ શા સારૂ જોઇએ ?

વેદો—ત્હેં અમને ઘણાં દિ મોજ કરાવી. આજ ત્હારી મોજનો વારો છે. ત્હારે જોઇએ તો બે ચાર વીંઘા જમીન યે કાઢી આપું.

(વીજાણંદ બોલતો નથી.)

વેદો—કાં ભાણા ! માગી લે ને, વેદાગઢવીનું વેણ પાછું ના હટે. ત્હારી મોજમાં આવે એ માંગી લ્યે. મ્હારૂં મોત બગાડીશ મા.

શેણી—કોણ જાણે એ શું માંગશે ?

(શરમથી ગાલ રાતા થાય છે)

એના પર શેણીના જીવતરનો આધાર છે.

(હૈયે હાથ દે છે.)

વીજાણંદ—શું માંગું ? હું માગું ઈ ત્હમે દેશો ?

વેદો—માંગી લ્યે, જે જોઈએ ઇ. મ્હારૂં વેણ પાછું ફરે તો મ્હારી અસદ્‌ગતિ થાય. દેહ વેચીને યે વેદો ગઢવી બોલ્યું પાળે છે હો !

(કસુંબાનો વાડકો ભરે છે)

વીજાણંદ—ત્યારે આમા ! માગું ?

બીજો પુરૂષ—માગને. એમ સ્વયંવરની કુંવરી જ્યમ શીદને વિચારે છે.

વીજાણંદ—તો એક જ માંગણી હો, શેણીનો હાથ...

(વેદાના હાથમાંથી કસુંબાનો વાડકો દડી જાય છે. કપાળે ક્રોધની કરચળીઓ પડે છે. શરીર ધ્રૂજે છે.)

વેદો—ગગા ! માગવાની રીતે મંગાય. ત્હને ખબર છે તે કોનો હાથ માંગ્યો ? વેદાગઢવીની દીકરીનો. ગામમાં ઘર નહીં ને સીમમાં ખેતર નહીં. પૂંજીમાં પાંચ ભેંસો જ ફક્ત, જેને લઈને જોગટાંની વારીએ રખડયા કરે છે તે ત્હને શેણીનો હાથ માંગતાં શરમ ના આવી.

(વીજાણંદનું મોઢું પડી જાય છે. બીન સંકેલી ઉઠે છે.)

બીજો પુરૂષ—દીકરા જેવી ખોટની દીકરી તે ત્હારાથી મંગાય. નથી ત્હારે માવતર કે નથી ખોરડું સરખું ય અને રૂપ તો જાણે જમ પણ બીએ. જો ચંદ્ર પણ ત્હારાથી સંતાય છે.

(ચંદ્ર વાદળામાં ઢંકાય છે.)

વિજાણંદ—તો કંઇ નહીં બાપુ ! ગરીબનાં નશીબ ગરીબ.

(શેણી તરફ એક દ્રષ્ટિ નાંખી, ગતિ હરાઇ ગઇ હોય એવી ચાલે વીજાણંદ ચાલવા માંડે છે.)

(વેદો ક્રોધમાં અભિમાનથી ઉંચુ જુએ છે)

વેદો—ગયો! એ કાળમખો ગયો : કે જેને ત્યાં એણે આટઆટલા દિ ખાધું પીધું ને...

બીજો પુરૂષ—તે ગઢવીજી, વેણુ ના પાળવું'તું. તો દીધું શા સારૂં!

ચોથો પુરૂષ—એ કાંઇ માગતો'તો. તેં કીધું ને એણે માગ્યું તો હવે શા સારૂં ના પાડે છે.

ત્રીજો પુરૂષ—અરે વેદા, માણુસ આંગણે નિસાસો નાંખે છે તે ત્હારૂં કપાતર થશે.

વેદો—(વિચારમાં) હું હું તો એને પાછો વાળી આવોને. (એક જણ જઇને વીજાણંદને બોલાવી આવે છે)

વેદો—મ્હારી ખોટની દીકરી ભિખારીને નૈ મળે. શેણી જોઇતી હોય તો લૈઈ આવ્ય. નવ ચંદરી ભેંસો એકસો ને માથે એક.

વીજાણંદ—નવચંદરી ભેંસો, એકસો ને એક જ ને. એમાં તે શું? જંતરે જંતરે ભેંસો ભેળી કરીશ.

વેદો—ભેળી કરી આવ્ય; એક વરસમાં જ, પો'ર આ દિ પ્હેલાં, ઘડીય મોડું નહીં.

વીજાણંદ—મામા! એક વરસની અવધ તો બહુ થઇ ગઇ. નેસડે નેસડે, જંતર છેડીશ ને એ કાંઇ બધાંજ આપ્યાં વેણ નહીં ઉથાપે. એમાં તે કેટલા દિ જાવાના છે.

વેદો—છોકરા! નવચંદરી ભેંસો તેં કદી ભાળી છે કે? ચારે ય પગની ખરીઓ ધોળી, જાણે દૂધે ધોયેલી, દૂધે તસનસતાં એક એક આંચળ ધોળાં; સફેદ પૂછડાંના વાળ અને એક એક આંખ પણ; જે'નું મ્હોં યે ધોળું જાણે એના દૂધનો જ રંગ અને કપાળમાં ચંદરમા; (ચંદ્ર તરફ આંગળી કરી) આ જેવા નવ નવ ચંદર ચિન્હોવાળી

ભેંસો; ગગા ! એકસો ને એક. લેઇ આવ્ય ને શેણીને પરણ.

વીજાણંદ—કબુલ છે મામા ! બસ એજ ને, બીજું કાંઇ ?

બીજો પુરૂષ—છોકરા ! જા ને હવે. બે પાંચ નવચંદરી ભેંસો યે ભેળી નથી ભાળી ને તું ક્યાં આ અબળખા કાઢે છે ?

વીજાણંદ—કાકા, ભૂલો છો. મ્હારા જંતરને કશું ય અસાધ્ય નથી ને પ્રેમ પહાડુંમાંથી યે ઉપજાવે. શેણી માટે આભ પાતાળ એક કરીને પણ પોર આ તિથિ મોર નવચદંરી ભેળી કરી લાવીશ. ચાલો જાઉં છું,

(ચાલી નીકળે છે.)

ચારણો—(ત્રણેય સાથે)–અજબ છે છોકરો...(કુકડો બોલે છે) આ તો પરોઢ થયા. ચાલો ગઢવીજી, અમે પણ જાશું.

(જાય છે. પછાડી **વેદો** જાય છે.)

શેણી—(પાંડુવર્ણા ચંદ્રને) ઓ ચંદરમા ! ત્હારામાં અમૃત વસે છે. તું નવચંદરીઓની માતા છે. મ્હારો **વીજાણંદ** જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં એની રક્ષા કરજે, નહોય ત્યાં ત્યાં નવચંદરી ભેંસો સર્જાવજે.

(ઉષાના અજવાળા થાય છે)

અને ઓ ઓખા મા ! તું આવ્યે અમ લોક નવજીવન પામે છે, અમમાં નવા પ્રાણ સંચરે છે. તું સહુને આશીર્વાદે છે, નવું તેજ આપે છે, ત્હારા રંગે રંગે છે. તો ઓખામાં મ્હારા **વીજાણંદ**ને એ શકિત ને ઉત્સાહ આપજે ! ત્હારા શુકને સંચરતા **વીજાણંદ**ને વ્હેલો વાળજે.

(પછાડીની ટેકરી ઉપર વીજાણંદ દેખાય છે)

વીજાણંદ—(સાદ પાડીને) શેણી! શેણી!

શેણી—એ કોનો સાદ! (આમ તેમ જુએ છે, કોઇ દેખાતું નથી) એ તો વીજાણંદનો જ સાદ.

(ફરીથી 'શેણી' 'શેણી'ની બૂમ સંભળાય છે.)

ફટ! શું તું પાછો આવ્યો? (પછાડી ફરી જુએ છે.) એ પાછો આવે જ નહીં. એ તો ભેંસો લઇને જ આવશે.

વીજાણંદ—શેણી! શેણી! (શેણી ઉંચું જુએ છે) હું જાઉં છું.

શેણી—તું ક્યાં જાય છે? દૂર દૂરના પ્રવાસે, પણ ઉભો રહેને; એટલે દૂર જાય છે તે ભાતું તો લેતો જા. હમણાં કરી દઉં. વેદો આવે એ પ્હેલાં.

વીજાણંદ—ના, એટલો ય વિલંબ ન થાય. હવે ખાવું અને પીવું મ્હારે નવચંદરી.

શેણી—ત્યારે જરા તો થોભ. ઓલી ધોળીને દોહી દઉં. આમ તું ક્યાં ક્યાં રખડીશ? ક્યારે ખાઇશ, ક્યારે પીશ?

વીજાણંદ—મ્હારી ફીકર નૈ કર. (બાલ સૂર્યનું તેજ પથરાય છે) 'આ ભાણ લખદળ ભાંગે, ઉગેને અજવાળા કરે' તે મ્હારૂં રક્ષણ કરશે અને પોર પાછો આ દિ એ અચૂક ઉગે ત્યાર પહેલા હું આવી રહીશ. શેણી! જાઉં છું.

(જાય છે.)

શેણી—હા! એ ગયો! એ ક્યાં ક્યાં રખડશે! નવચંદરી એને ક્યાં લાધશે? ક્યાં ગિરના ધાડાં જંગલ! ક્યાં હાલાર, ઝાલાવાડને બરડો! એ સંધુય, એ એકલો, અટુલો શી રીતે ઘૂમશે!

(સૂર્ય જરા ઉંચે ચઢે છે.)

ભલે ભાણુ! ભલે તું ઉગ્યો, ત્હારા વારણાં લઉં, ત્હારા ગીતો ગાઉં;

ઓ કાશ્યપ પરાઉત! તું તો સહુનો સરજનહાર, અવનવું યે તું ઉત્પન્ન કરે છે તો નેસડે નેસડે નવચંદરીઓ પ્રગટાવજે!

ત્હારા અજવાળાનો મે'મા તે કેટલો ગાઉં, આજથી રોજ જરા ધીરો ચાલજે. પોર આ દિ એ અચૂક ઉગજે જ પણ જરા મોડો ઉગજે.

(નમન કરે છે.)

(પડદો પડે છે.)

પ્રવેશ ૩

સમય: બીજા પ્રવેશ પછી બરાબર એક વર્ષે: પુનેમની ભાંગતી રાત.

સ્થળ: [વેદા ગઢવીના ઘરનો અંદરનો ભાગ.

એક ખૂણામાં છેલ્લા પ્રવેશમાંનો ઝીણો દિવેલનો દીવો નિસ્તેજ રીતે બળે છે. બીજી બાજુ ખાટલા પર શેણી વ્યાકુળ ચિત્તે બેઠી છે. એના વાળ છુટા છે, વસ્ત્રો અસ્તવ્યસ્ત દશામાં છે.]

શેણી—(નિરાશામાં) હજી ના આવ્યો. રાત રેલની ઘોડે ચાલી જાય છે તોય ત્હારૂં બીન વનની વનરાઇ ડોલાવતું નથી, શેણીના હૃદયના તાર છેડતું નથી. અરે, રસ્તે ત્હને કોઇએ કામણ કીધાં? નવચંદરી ગોતતાં ત્હને કોક ચંદ્રકલાએ ઝડપી લીધો! ત્હને એવું તે કોણ મળ્યું?

(બારણું પવનથી ખખડે છે, શેણી ઉઠે છે)

ઉભા રહો ! ઉભા રહો ! હમણાંજ બાર...... (બારણાં તરફ ઉતાવળે જાય છે) આવો, આવો;

ત્હમને હૃદય રસથી નવાડું, ઉર ફુલડે વધાવું, ટોડલે ટોડલે દીવા કરૂં.

(બારણું ઉઘાડે છે, આમતેમ જોઇ)

હા ! અહીં કોઇ દેખાતું નથી. એ ક્યાં ગયા ? ક્યાં છુપાયા ? શું એટલી વાર પણ ત્હમને ખટકી ? ત્હમને ખબર છે શેણીએ બાર બાર: મહિના ત્હમારી કેવી રીતે વાટ જોઇ હશે ? એને દિવસ ને રાત ત્હારોજ શ્વાસોચ્છ્વાસ લીધો છે, એની આંખની પાંપણે, પાંપણે ત્હારાજ સ્વપ્નાં ભર્યાં છે, એનાં રક્તઅણુ ત્હારા નામની રતાશથી રંગાયાં છે, એના હૃદય ધબકારામાં ત્હારૂજ નામ સંભળાય છે અને એમ તું શું છુપાઇ જાય છે.

(આમ તેમ શોધતી હોય એમ)

શું તું રીસાયો છે ? તે દિ પાણી નેં પાયું એ ત્હને સાંભર્યું છે ? એ ત્હારે વાળવું છે ? તો વીજાણંદ ઇ માફ કરજે. તે દિ તું કાન્ત હતો કે કૃતાન્ત એની જ મ્હને ખબર નહોતી. પણ આજ એનો ખંગ વાળી દઉં; ધરવ થાય એટલું થંડુ પાણી પાઉં, તાંબડીએ, તાંબડીએ કઢીયેલ દૂધ દોહી દઉં, બેડે બેડે માથાબોળ નવરાઉં; ત્હારા લુંગડાં ઓઝતની રેતમાં ધોઇ ધોઇ સફેદ ચાંદની જેવાં બનાઉં; ત્હારી એકસોને એક બેંસોને મ્હારે હાથે નવાડું ને ચાર નીરૂં પણ તું ક્યાં છે ? ક્યાં સંતાઇ ગયો છે ?

(ફરીથી બ્હાર જઇ આમતેમ શોધતી હોય એ રીતે જુએ છે, ખુણા તપાસે છે.)

અરેરે ! કોઇ દેખાતું નથી. શું એ માર્ગ ભૂલ્યા હશે કે દેશનું સત્ત્વ ખૂટયું એટલે એમને નવચંદરીઓ નહીં લાધી ? શું આખો ય દેશ એટલો વાંઝિયો બની ગયો ? એ દેશમાં માનવી કેમ રહી શકે ?

(ટેકરી બાજુ ઓઝત તરફ જોઇ)

ઓ, ઓઝત ! તો તું એને પાછો વાળી આવ્ય ને. આજ દિ સુધી બેન ! સુખદુઃખના આપણે સંગાથી હતા. ત્હારે કાંઠે કાંઠે આપણે વાતું કરતાં. ત્હને સાસરે વળાવતાં ગીતો ગાતી. ખાડાં, ટેકરાંમાં થઇને જવાની ત્હને હિમ્મત દેતી, તો આજ વીજાણંદને પાછો વાળી ને આવે ? ત્હારો પંથ મ્હોટો છે, એકજ ઉછાળો મારીને વીજાણંદને વાળી આવ્ય ને. વીજાણંદ આવ્યે સાકરે, સાકરે ત્હને વધાવીશ, પંચામૃત કરાવીશ, વીરડે, વીરડે અક્ષત કંકુના સાથીઆ પૂરીશ.

(પવનની સૂસવાતીમાં હાલતાં પાંદડાનો સંગીત જેવો ધ્વનિ સંભળાય છે.)

ઓહો ! આ પવનની સૂસવાતીમાં દૂર ત્હારૂં જંતર સંભળાય છે. આવ, આવ, જલ્દી આવ ! પેલો ચંદ્ર પણ ત્હને સત્કારવા ઉત્સુક થઇ રહ્યો છે, આ ન્હાનાં ન્હાનાં ફુલછોડ ત્હને અભિનંદવા ફુલે ઝુકી ગયાં છે. પેલી બોરસલી ત્હારા માર્ગમાં ફુલાં બિછાવી રહી છે, ઓલી ઓઝત ત્હારૂં સ્વાગત ગીત ગાય છે, ઓલ્યા મેંદીના પાન તો ત્હારી વાટ જ જોઇ રહ્યાં છે, પળે, પળે ત્હારા આવ્યાની ખબર પૂછે છે કારણ કે એમને એમ કરમાઇ જતાં લાગે છે. તું આવ્યે મ્હારા

હાથ અને પાયને સોહાગી કરવાના એણે વચન લીધાં છે, અને એથી એ ઉંચાં નીચાં થઇ, થઇને જુએ છે.

(ઓળો દેખાય છે.)

આ પડછાયો કોનો દેખાયો ? એ આવ્યા લાગે છે; પણ એનું બીન ક્યાં ? શોણીને સતાવવા ત્હેં જંતર સંતાડયું તો નથીને ?...હમણાં પડછાયો દેખાતો હતો અને અહીં તો કોઇ નથી. ક્યાં ગયા ?

અને ઓ રાત્રિ ! તું જરા ધીરી તો ચાલ. આમ ઉતાવળી ક્યાં દોડી જાય છે ? વિહારમાં વિયોગના દુઃખ ભૂલી છો ? આટલી અધીરી શે થા છ ? વીજાણંદ આવે ત્યાં સુધી તો જરા થોભ.

ઓ ચંદર ! તું અમારો દેવ કહેવાય છે છતાં નલચંદરીઓ ના પ્રગટાવી ને ? ત્હને વિહારમાં એટલી યે ફોમ ના રહી ? આ કુમારિકાની એટલી યે વિનંતિ ના સાંભળી ને હજી દોડયો દોડયો ચાલ્યો જાય છે.

(પક્ષીના કિલકિલાટ સંભળાય છે.)

ત્હને એટલી યે દયા નથી ? ઓ રાત્રિ તું સ્ત્રી છતાં સ્ત્રીના હૃદયની ખબર પણ નથી કે વિલાસમાં ભાન ભૂલી છે ? તો એ સંમોહનનો ભોગ ભોગવો ! કાલથી ત્હને ચંદ્રનું મિલન મોડું મોડું થજો; ઓ ચંદ્ર ત્હને રાત્રીના વિજોગ થજો !

(કુકડો બોલે છે.)

ઓ કાળમુખા કુકડા ! તું ક્યાં અટાણે બોલ્યો ! તું એ મારો વેરી થયો છે ? જરા મોડું તો ઉઠવું 'તું. હજી સૂરજ ઉગતાં વાર છે અને આજે સૂરજ ભગવાન

ઉગવાના યે નથી. એ ચારણનો પિતા ચારણપુત્રીની પ્રાર્થના ન સાંભળે એમ કાંઇ બને ?

જા સુઇ જા. વીજાણંદ આવે ત્યારે બોલજે.

(ફરીથી બોલે છે.)

તું પણ નથી માનતો ને? જા ત્હને યે કુમારિકાનો શાપ છે. કોઇ ન જાગ્યું હોય, હજી માનવી પરોઢની મીઠી નિદ્રા લેતા હોય, પક્ષી બચ્ચાંને ગોદમાં લઇ પોઢયાં હોય ત્યાં તું જાગી જજે. આજથી કટાણે ત્હારી નિંદર ઉડી જજો.

આણલ—(નેપથ્યમાંથી) શેણીબાઇ ! શેણીબાઇ !

(આવે છે.)

શેણી—પણ આ શાપ શા સારૂં, હુંજ ભાન ભૂલી છું. શેણીનો નિશ્ચય ક્યારનો થઇ ગયો છે. પરોઢ થયું; હવે વીજાણંદ શે આવે ? એ કહી ગયો હતો કે આ દિ એ—આ દિ મોર નવચંદરી ભેંસો લઇ આવશે. નહીં તો એનું મુખ આ ભવમાં જોવા ને મળે.

આણલ—(શેણીની પાસે આવી) શેણીબાઇ ! આજ અટાણુમાં પરવારી ગયા ?

શેણી—મ્હારૂં એક કામ કરે છે ? ઓલ્યા પેમા પાસ ડમણી જોડાવી લાવ્ય ને.

આણલ—અટાણુમાં ક્યાં જવાના છો ? અમને કશી ખબરૂં પણ ન કીધી ને હજી ગઢવીજીએ કસુંબાપાણીએ લીધાં નહીં હોય.

શેણી—હવે હું ક્યાં જઇશ ? જ્યાં વીજાણંદ ગયો ત્યાં; ગિરની, ઝાલાવાડની, હાલારની કોર પર રખડીશ, વનેવન,

ડુંગરેડુંગરે, નેસડે નેસડે એને શોધીશ; નદીને કાંઠે, તળાવની પાળે, વડની છાંયે; ચોરે અને ચબુતરે એની ભાળ કાઢીશ. જ્યાં હશે ત્યાંથી મ્હારા વીજાણંદને ગોતી આણીશ.

આણલ—એમાં તે શું? કોઇ માણસ મોકલોને એ યે ભાળ કાઢી લાવશે. પણ તમ જેવાં આવાં ગાંડાં કાઢતાં હશે? હમે તો કુંવારકા!

શેણી—કુમારિકા શા સારૂં? આપણે ત્યાં એવો એકે ય વીર મળ્યો નહોતો; જે'ને શેણી હાથ આપી શકે; જે'ને પોતાનું જીવન એકાદ વસ્તુને અર્પણ કર્યું હોય, જે'ને એનો લેહ લાગી હોય.

આણલ—પણ તે દિ વીજાણંદને પાણી સરખુંય ને પાયું અને આજ આ બધું ક્યાંથી આવ્યું?

શેણી—હા! કલા કાજે એણે જીવન અર્પણ કર્યું છે ને એ સમર્પણને શેણી વરી છે. આસપાસ ફરતા નિશ્ચય વિનાના મગતરા જોઇ શેણીએ કૌમારવ્રત લીધાં'તાં પણ એને એક વીજાણંદ લાધ્યો; એની આંખ્યોમાં એને વીજના ઝબકારા જોયા, હૃદયમાં આભની ગંભીરતા ને વર્ષાની આર્દ્રતા જોઇ; લીધેલ વ્રત પાર પાડવાનો નિશ્ચય, અને એ નિશ્ચય સફળ કરવાનું બળ જોયું; અને એ બળપર શેણીએ જીવતર દીધું.

(વેદો હાથમાં કસુંબાનો પ્યાલો લઇ આવે છે, ખૂબ આનંદમાં છે.)

વેદો—ખરેજ! ભગવાને મ્હારી પ્રાર્થના સાંભળી. ચારણુની તો એ સાંભળેજ ને. આજ વર્ષ વીત્યું એ પણ કાળમખો

નૈ આવ્યો. મ્હને આખું વર્ષ જંપોજ નથી વળ્યો. ચાલ, બોન! વ્હેલી લાપસીના આંધણ મુકય. ને પછી મ્હારે જવું છે તારા સારું સારૂં ઠેકાણું જોવાને. આલ્યો પેમો ડમણી જોડી લાવે છે.

શેણી—હવે ઠેકાણું શા સારૂં? મ્હારે માટે એક એજ હતો. એ નૈં આવ્યો. હવે બાપુ! એ ડમણીમાં મ્હને જાવા ઘો.

વેદા—કાં! કાં! કયાં જાવું છે?

શેણી—હેમાળે ગળવા.

વેદા—અરે બાપ! ત્હને વેરાગ કયાંથી આવ્યો?

આલણ—એ આવશે. હજી તો વરસ આજ પૂરૂં થયું. થોડાં દન વાટ જોઇ જા.

શેણી—હવે એ શું મોઢે આવે? એની અવધ પૂરી થઇ.

વેદા—બાપ! એની તું કહે ત્યાં વાવડ કઢાવીએ. દેશ દેશ એની ભાળ મેળવવા માણસ મોકલીએ, અને હુંયે જાઉં. ગામ, ગામને ગોંદરે, ગોંદરે એને ગોતી વળું ત્હને તે આ વેરાગ! મ્હારા ઓધાર!

(ડમણી આવે છે.)

શેણી—હવે મ્હારો મારગ રોકશો મા. મળશું તો હેમાળેના ખોળામાં. નકર આવને અવતાર.

(શેણી ડમણીમાં બેસવા જાય છે. વેદા મૂઢની માફક જુએ છે, આણુલ સ્તબ્ધ થઇ જાય છે.)

(પડદો પડે છે.)

પ્રવેશ ૪

[એક એકથી જરા ઉંચા હિમાલયના ત્રણ ચાર શૃંગ પાસે પાસે દેખાય છે. સૂર્ય છેલ્લા શૃંગની કોર-પરથી છેલ્લી નજર નાંખી લેવા થંભ્યો છે; એ નજરે શૃંગોના કોર રૂપેરી વર્ણી થઈ છે.

શેણી એવાંજ આકુળ વ્યાકુળ ચિત્તે, એજ અસ્ત વ્યસ્ત દશામાં વીજાણંદને શોધતી આવે છે, એનાં પગમાંથી લોહીનાં ટીપાં ટપકે છે.]

શેણી—અરે......હવે હું ત્હને ક્યાં ગોતું ? આખો ય કાઠિયાવાડ ભમી; હાલાર ગિરને બરડો. જંગલે જંગલ રખડી નદી ને નાળે, ગામ અને નગરોમાં ત્હને શોધી વળી. હવે તો મારા પગ હાલતા યે નથી...(બેસી પડે છે)

પેટમાં શૂળ ઉપડે છે, માથું દુઃખે છે...પણ હવે...હવે ક્યાં દૂર છે. આ રહ્યો હેમાળો. બાપ ! ત્હેં કેટકેટલાનાં જતન કીધાં, કંઈક જતિને ત્હારામાં સમાવી લીધા, પાંડવને ત્હેં ઓગાળી દીધાં. મ્હને પણ એ પંથે કાં ન લઇ જાય ! હું યે પ્રેમસમાધિ લેવા આવી છું ને. અને તું તો અમ પ્રેમીનું આશ્વાસન. પાર્વતીએ ત્હારી છાયામાં મહાદેવ મેળવ્યા'તા તો ત્હારી પાસે મ્હને વીજાણંદના દર્શન નૈ થાય ? એ તપસ્યા કરવા હું આવી છું. મ્હને મારગ દે. હિમમાં સમાવા દે. તપની–પ્રેમયજ્ઞની એવી ધુણી ધખાવા દે કે એમાં આ દેહ ગળી જાય.

(શૃંગ પર ચ્હડે છે, વચલી ખીણમાં આસન વાળી બેસે છે.)

ઓ માટીના માળખા ! બહુ દિ તું રહ્યો. ત્હારા પારબ્ધ પુરાં થયાં. અને હવે અહીં ત્હારે શા સારુ વસવું ? આ આત્માને એક અવલંબન જોતું'તું; એ મળી ગયું .એ આતમકળા ભૌતિકકળાના અવલંબને પાંગરી; તો હવે માટીમાં મળી જા ! ઓ પંચભૂતો ! ત્હમે ત્હમારા તત્ત્વોને આવરી લ્યો. ઓ હેમાળો ! ઓ ગંગા જમનાના પિતા ! આ શરીરમાંથી પાણીનો ભાગ લઇ લે, ત્હારી માટીમાં આ મૂઠી હાડકા મીલાવી દે.

ઓ ઝગારા મારતા આકાશ ! ઓ તેજના પિતા કાશપ ! તું દીકરીને વળાવવા આવ છ ?

ઓ પવન લહરિ ! ત્હમે મ્હને વળામણાં દઇ રહી છો !

ચાલો, ચાલો હું તૈયાર છું.....પણ હજી મ્હારાં હાડ એમનાં એમ કાં પડયા છે? ગળતાં કાં નથી? શે કળજગ આવ્યો કે ત્હારામાંથી શીતતા ઓછી થઇ.. ...ના...ના......પણ કુમારિકાને ધર્મપિતા શાનો સંગ્રહે? પ્રણયવેદી પરે એકલા યજ્ઞ કેમ થાય... (કંઇક વિચાર કરતી) પણ વીજાણંદનો પત્તો કયાં...

(આમ તેમ શોધતી હોય એમ જુએ છે, ઉઠે છે, બેબાકળી ફરે છે, બીજા જરા ઉંચા શૃંગ પર ચઢે છે)

હા...હા...રામે સીતાની મુર્તિજ ગોઠવી હતી ને.

(બરફનો ગોળો લે છે. મનુષ્યનો આકાર બનાવે છે ને ખોળામાં લઇ આસન માંડી બેસે છે

સૂરજ આથમી જાય છે. સંધ્યા ઓસરે છે.)

ઓ દિગન્તના દેવ! મોક્ષપુરીના દ્વારપાળ! ત્હારી પેલી પારના દરવાજા દાખવીશ ને!

(શેણી રામ રામનો જાપ જપે છે. પણ તરત એને બદલે વીજાણંદનો જાપ જપવા માંડે છે, શેણીના પગ ગળતા લાગે છે.

નેપથ્યમાંથી "શેણી" 'શેણી"નો અવાજ સંભળાય છે.)

ફટવરે જીવડા; હજીય એ ઝંખના. અંત ટાણે યે એના એ વિચાર !

(ફરીથી સાદ સંભળાય છે.

વીજાણંદ 'શેણી' 'શેણી' બૂમ પાડતો દોડતો આવે છે.

અંધારૂં છવાય છે.)

શેણી—હાલ્યો આવ ! હાલ્યો આવ.

વીજાણંદ—(ફરીથી સાદ પાડે છે, આમ તેમ જુએ છે)

કાંયાં ? ક્યાં ?

(એક શૃંગ પર ચ્હડે છે, શેણી બેઠી છે એ શૃંગની સ્હામેના શૃંગ પર આવે છે.)

શેણી—આવી પહોંચ્યો, મ્હારા વીજાણંદ ! અટાણુ સુધી ક્યાં હતો ને ક્યાં ત્હારી નવચંદરી ભેંસો ?

વીજાણંદ—ઘડીએક મોડો પડયો. તું હાલી નીકળી ને હું આવ્યો. ઘડીક તે વાટ જોવી'તી ? ને નવચંદરીઓ ત્હારા બાપને ગણી દીધી; એકસો ને માથે એક. હાલ, હવે ઓઝતને કાંઠે ખોરડાં કરીએ.

શેણી—હવે તો મળશું ઓલી કોર, દૂર દૂર આ સ્વાર્થી અને અવળચંડી દુનિયાની દૃષ્ટિમર્યાદાથી યે દૂર; કો સ્વર્ગંગાને કાંઠડે.

વીજાણંદ—કાં શેણી! એમ કાં ભણેં છ ?

શેણી— શેણીના હાડ ગળવા માંડયાં છે, ગૂડાં ગળી ગયા છે પછે કેમ કરી આવે.

વીજાણંદ—ફૂકર નહીં; એમાં તે શું ! ત્હારા હાડ ગળ્યા છે તો હું ત્હને કાવડે બેસાડી ફેરવીશ, અડસઠ તીરથ કરાવીશ, મંદિરે મંદિરે મ્હારૂં જંતર છેડીશ ને ત્હારા ગળેલ હાડ કો દેવકૃપાએ અત્રનવાં ઘડાવીશ.

શેણી—પણ હું બહુ દૂર નીકળી ગઈ. પળે પળે મ્હારી નશો કળે છે, હવે પાછા કેમ વળાય ? અને તું કયાં જાય છે ?

વીજાણંદ—હું ? શેણીને વળાવીને હું કયાં જઉં ? હવે મ્હારો ગિર ને બરડો આ હેમાળે.

(એ શૃંગ પરથી શેણીના શૃંગ પર જવા ઉતરે છે.)

શેણી—ના. ના. વીજાણંદ તું ઘરે જા, પણ એક—અરેરે જીવ ! જાતાં જાતાં યે ત્હને આ આસક્તિ રહી. એ યે ભોગવી લ્યે. વીજાણંદ એક વાર ત્હારૂં જંતર બજાવી દે.

(વચલી ખીણમાં આવીને)

વીજાણંદ—શેણી; શેણી; તું જાય છે ? ત્હારે કાજે મ્હે કેટલી વેઠી ને તું હાલી નીકળી.

શેણી—અરે ભૂંડા ! આ ટાણે યે ત્હને દેહના ભાન રહ્યા. શેણીએ ત્હને કયારે દેહ દીધો તો. એ ત્હારી અદ્દભૂત

કળાને—ત્હારી અનંત સાધનાને વરી હતી તો એ બીન એકવાર બજાવી દે.

(બીન ખભેથી ઉતારે છે.)

વીજાણંદ—તો લે સાંભળી લ્યે.—અને એ જંતર! તૈયાર થઇ જા (સૂર મેળવે છે) તું ત્હારૂં હંસગાન ગાઇ લ્યે; એવું ગાજે કે આ લોક કે પરલોકે કદી કોઇએ સાંભળ્યું નહીં હોય. છેલ્લો વાર બજી લ્યે! કાઠી પાસ નવચંદરીઓ લીધી તો આજ હેમાળે પાસેથી શેણી માંગી લ્યે.

શેણી—હજી એજ અબળખા! ચાલ, ચાલ એ અનંત સંગીતના ધામમાં, ત્યાં ખોરડા કરશું કો વૈતરણીને તીરે.

(વીજાણંદ એ ખીણુમાં જ બેસી પડે છે ને જંતર છેડે છે. શેણી એ તારના તાલે તાલે 'રામ રામ' જપે છે.

વાદળ ઘેરી રાત્રીમાં એ ઓળા જેવા દેખાય છે. વાદળ ગગડે છે. વીજળી ચાય છે.)

શેણી—વીજાણંદ! રામ, રામ, હવે મળશું......

(શેણીના છેલ્લાં હાડ ગળે છે એ વીજાણંદ દેખતો નથી કે શેણીનું છેલ્લું વાકય સાંભળતો નથી ને વગાડયે જાય છે. ફરીથી વાદળ ગરજે છે.

વીજ ઝબુકતી શૃંગ પર પડે છે ને ખીણમાં ઉતરે છે; તાર તૂટે છે. વીજાણંદ વીજળીના વેગથી 'શેણી' 'શેણી' ઉચ્ચારતો મૃત્યુ પામે છે. વાદળ શાંત થાય છે. પર્વતમાં ચારે કોર શેણીના પડઘા સંભળાય છે.)

(પડદો પડે છે.)

'યુગાન્તર'નાં પ્રકાશનો

મત્સ્યગંધા તથા બીજાં નાટકો
લે: બટુભાઇ ઉમરવાડીઆ : ૧-૮-૦

પ્રાયશ્ચિત્ત લે: મોરીસ મેટરલીંક
અનુ: અંબેલાલ દેશાઇ : ૦-૬-૦

ભાવના સૃષ્ટિ: ગદ્યકાવ્યો
લે: પ્રો. ત્રિવેદી ૦-૧૦-૦

અખંડ જીવનદોરી : ઘરવૈદું
લે: ચંદુલાલ મુનીમ ૧-૪-૦

ગીતાની વ્યાખ્યા : ભાષ્ય
લે: અરવિંદ ઘોષ ૦-૮-૦

પાશેર પુણીમાંથી પાદશાહી વાર્તા
લે: ગો. દ્વા. રાયચુરા ૦-૧-૦

એ સહુનું કારણ : નાટક
લે: ટોલસટોય ૦-૧-૦

એ

ઉપરાંત

જીવન ચરિત્રો ટુંકી વાર્તાઓ

વગેરે

શિષ્ઠ જોમવંતુ ઉપયોગી સાહિત્ય

તૈયાર થાય છે.

: છાપનારા :

પ્રસ્તાવના અને પૃ. ૨૯ થી ૬૦: ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયક
અનાવિલ બંધુ પ્રિ. પ્રેસ ભાજીવાળી પોળ: બરાનપુરી ભાગળ સુરત.

જીંદગીની વેઠ: પૃ. ૧ થી ૨૮: **નારાયણરાવ રણછોડજી દેશાઈ**
નેશનલ પ્રિન્ટીંગ પ્રેસ. કોટસફીલ: બરાનપુરી ભાગળ : સુરત.

પૂઠું : **બચુભાઇ રાવત** કુમાર પ્રિન્ટરી : અમદાવાદ.

પ્રકાશક : **રતિલાલ નાનાભાઇ તન્ના**
ગોપીપરૂં : ગેટનો ખાંચો : સુરત.

એક અભિપ્રાય . . .

નાટકની રચના સાદી પણ ઘાટદાર છે. તે જેમ લેખકની ખીલતી કલાની નિશાની છે તેમ આપણા સમાજમાં ઘોડાપૂરે આવતા નવા વિચાર-પ્રવાહનું ચિહ્ન છે. વિજ્ઞાનના અમર્યાદ્ અને ક્રૂર રાજ્યમાં પણ સાચી માનવતામાં જ મનુષ્યનો ઉદ્ધાર છે, તેમાં જ તેનું આશ્વાસન છે, એ તત્ત્વ આ નાટકનો આત્મા છે. . . .

. . . સજીવ પાત્ર છે. . . . સમગ્ર વસ્તુમાં વાસ્તવિકતા કરતાં Fantasy (ફેન્ટસી)નો અંશ મુખ્ય જણાય છે.

—પ્રો. ત્રિવેદી